Friday 07, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## અંતે વલસાડ છીપવાડ ગરનાળું ખુલ્યું : હવે ૪૦ ગામોના લોકોને રાહત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** ૧૫ દિવસ અગાઉ વલસાડ જિલ્લામાં આવેલી ભયાનક રેલના કારણે નિશાળ વાળા વિસ્તાર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. આ પૂર દરમિયાન વલસાડના મહત્વના ગણાતા છીપવાડ ગરનાળામાં પાણી ભરાઈ જવાથી અંદરનો ડામરનો રસ્તો, પેવર બ્લોક અને સાઈડના ભાગે ભારે ધોવાણ થઈ ગયું હતું. રસ્તો બિસ્માર બનતા વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી, જેના કારણે વલસાડ-ખેરગામ રોડ પરથી આવતા આશરે ૪૦ જેટલા ગામોના લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. લોકોને પોતાના મોટા વાહનો લઈને ગુંદલાવ-ધરમપુર હાઈવે ચોકડી થઈને લાંબા અંતરે વલસાડ આવવું પડતું હતું.

આ ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને આજરોજ જિલ્લા પંચાયત સભ્ય સ્નેહલભાઈ પટેલ, પારડી સાંઢપોર ગામના સરપંચ ધર્મેશ ઉર્ફે ભોલા પટેલ, અન્ય સરપંચો, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો તેમજ સ્થાનિક આગેવાનો એકઠા થયા હતા. તેમણે વલસાડના અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને છીપવાડ ગરનાળાનો રસ્તો યુદ્ધના ધોરણે તાત્કાલિક ખુલ્લો કરવા રજૂઆત કરી હતી.

આવેદનપત્ર અને સ્થાનિકોની માંગ બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું. વલસાડ નગરપાલિકા ,વલસાડ માર્ગ અને મકાન વિભાગ તેમજ સંબંધિત અધિકારીઓની ટીમે સ્થળ પર પહોંચી ગરનાળામાં જમા થયેલો કચરો અને મલબો હટાવી સાફ-સફાઈ હાથ ધરી હતી. રસ્તો પુનઃ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાતા જ દરરોજ અપ-ડાઉન કરતા વાહનચાલકો અને ૪૦ ગામોના રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## વાપી નાનું રેલવે ગરનાળું ખુલ્લું કરાયું




વાપીમાં રેલ્વે લાઈનના પૂર્વ અને પશ્ચિમમાં અવર જવર માટે ટુ વ્હીલર વાહન ચાલકો માટે આશીર્વાદરૂપ નાના રેલવે ગરનાળામાં ગત દિવસોમાં ભારે વરસાદને લઈ રેલીની કપચી અને માટી સાથે પથ્થરોના ઢગ થયાં વાહન ચાલકોને ભારે મુશ્કેલી પડી રહી હતી. અનેક વાહન ચાલકો પટકાતા હતાં. જોકે આજે મનપા દ્વારા નાળામાં પથારો અને કાદવ સફાઈ કરતાં વાહન ચાલકો એ થોડી રાહત અનુભવી છે.

ગ્રામજનોએ તો સરપંચ સામે અવિશ્વાસ પ્રસ્તાવ સ્થગિત રાખવા માંગ કરી પણ...

## સુખાલામાં સરપંચે જ સ્વૈચ્છિક રાજીનામું ધરી દીધું!





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૬ :** સુખાલા ગ્રામ પંચાયતનો વિવાદ હવે વધુ ગંભીર તબક્કામાં પહોંચ્યો છે. એક તરફ ગામના અગ્રણીઓ અને ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારી (TDO)ને આવેદનપત્ર આપી સરપંચ સામે લાવવામાં આવેલા અવિશ્વાસના પ્રસ્તાવની કાર્યવાહી સ્થગિત રાખવાની માંગ કરી છે, તો બીજી તરફ સરપંચ શંકરભાઈ જીવલાભાઈ પટેલે પોતાનું સ્વૈચ્છિક રાજીનામું રજૂ કરતાં સમગ્ર મામલે નવો વળાંક આવ્યો છે. ગ્રામજનોએ રજૂ કરેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે તા. ૪ ઓગસ્ટે યોજાયેલી ગ્રામસભામાં પંચાયતના વિકાસકામો અને વહીવટ અંગે ચર્ચા દરમિયાન કેટલાક વિકાસકામોમાં થયેલા આક્ષેપિત ગેરવહીવટ અને ભ્રષ્ટાચાર માટે ડેપ્યુટી સરપંચ તથા વોર્ડ નં. ૪ના એક સભ્યની ભૂમિકા સામે આવી હોવાનું ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આક્ષેપોની નિષ્પક્ષ તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સરપંચનું રાજીનામું સ્વીકારવામાં ન આવે તેમજ તેમના વિરુદ્ધ રજૂ કરાયેલા અવિશ્વાસના પ્રસ્તાવની કાર્યવાહી સ્થગિત રાખવામાં આવે.

આવેદનમાં વધુમાં જણાવાયું છે કે આક્ષેપિત ભ્રષ્ટાચાર અંગે અગાઉ તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા કલેક્ટર અને વિકાસ કમિશ્નર સમક્ષ પણ રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં તા. ૭ ઓગસ્ટે અવિશ્વાસ પ્રસ્તાવ અંગે બેઠક નક્કી કરવામાં આવતા ગ્રામજનોમાં અસંતોષ ફેલાયો છે. બીજી તરફ સરપંચ શંકરભાઈ પટેલે તાલુકા વિકાસ અધિકારીને સંબોધીને આપેલા રાજીનામામાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૧થી તેઓ સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે. હાલ ૭૭ વર્ષની ઉંમર અને નબળી તબિયત તેમજ યાદશક્તિમાં ઘટાડાના કારણે છેલ્લા કેટલાક સમયથી પંચાયતના વહીવટી કાર્યો ડેપ્યુટી સરપંચ અને વોર્ડ નં. ૪ના સભ્ય પર વિશ્વાસ રાખીને સંભાળવા સોંપ્યા હતા. તેમના જણાવ્યા મુજબ, બાદમાં વિકાસકામોમાં આક્ષેપિત ગેરરીતિઓ સામે આવતા તેઓ ગ્રામસભામાં ખુલાસો કરવા ઈચ્છતા હતા, પરંતુ સંબંધિત હોદ્દેદારો હાજર રહ્યા ન હોવાથી તે શક્ય બન્યું ન હતું.

રાજીનામામાં તેમણે એવો પણ આક્ષેપ કર્યો છે કે પોતાના ઉપર વિશ્વાસ રાખીને કરાવેલી સહીઓનો ગેરલાભ લેવાયો હતો અને ત્યારબાદ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવી તેમને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તેમણે જણાવ્યું છે કે છેલ્લા અનેક દાયકાઓથી સહકારી અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર સેવા આપી હોવા છતાં તેમની સામે ક્યારેય ભ્રષ્ટાચારનો આરોપ નોંધાયો નથી. આથી તેમણે સ્વૈચ્છિક રીતે સરપંચપદેથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે સુખાલા ગ્રામ પંચાયતના સરપંચ વિરુદ્ધ ૧૦ સભ્યોએ અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. હવે એક તરફ ગ્રામજનો દ્વારા તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી કાર્યવાહી અટકાવવાની માંગ અને બીજી તરફ સરપંચના રાજીનામા બાદ તાલુકા વિકાસ અધિકારી શું નિર્ણય લે છે તેના પર સમગ્ર વિસ્તારની નજર મંડાઈ છે.

## વાપીમાં ગાંધી સર્કલ પાસે બ્રિજના ગર્ડર સ્થાપિત કરવાનું શરુ



**વાપી, તા. ૦૬ :** વાપીમાં પૂર્વ અને પશ્ચિમને જોડતો નવો નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજના કામમાં આજે ગાંધી સર્કલ પાસે સિમેન્ટ કોન્ક્રીટના તૈયાર કરાયેલા ગર્ડરને આધુનિક હેવી ક્રેનની મદદથી ઊંચકીને નિર્ધારિત સ્થળે સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સમય દરમિયાન સર્વિસ રોડ પરથી આવતા કેટલાક વાહનો ને પણ સલામતીના ભાગરૂપે રોકી દેવાયા હતા. આ કામગીરી દરમિયાન વાપી નાયબ કાર્યપાલક ઈજનેરની પેટા કચેરીના ઈજનેરો, ડેપ્યુટી ઈજનેર, સુપરવાઈઝર સહિતની તકનીકી ટીમ સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ અને માર્ગદર્શન આપતી જોવા મળી હતી.ઉલ્લેખનીય છે કે વાપી-સેલવાસ રોડ પર ઈમરાનનગરથી વાપી ટાઉનના ચલા-મુક્તાનંદ માર્ગ સુધી અંદાજે દોઢ કિલોમીટર લાંબો ચાર માર્ગીય રેલવે ઓવરબ્રિજ રૂ. ૧૪૪ કરોડના ખર્ચે નિર્માણાધીન છે. આ ઓવરબ્રિજ પૂર્ણ થયા બાદ શહેરના વાહનવ્યવહારમાં નોંધપાત્ર રાહત મળશે તેમજ રેલવે અન્ડર બ્રીજ માં થતા ટ્રાફિક જામમાંથી લોકોને મુક્તિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## દમણમાં 'નો પાર્કિંગ' જોઈને પાર્કિંગ કરજો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૬ :** દમણમાં નો-પાર્કિંગ ઝોનમાં પાર્કિંગ અને ટ્રાફિકને અડચણ ઉભી કરવી હવે લોકોને મોંઘી પડશે. પરિવહન વિભાગે રસ્તાઓ પર ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલા વાહનો સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. પરિવહન વિભાગે ગુજરાતમાંથી ૪ થી ૫ પિકઅપ ટોઈંગ વાહનો ખરીદ્યા છે. આ વાહનો શહેરના વિવિધ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરશે અને લોકોમાં રસ્તા પર વાહનો પાર્ક ન કરવા માટે જાગૃતિ પણ લાવશે. જો કોઈ વ્યક્તિનું વાહન નો-પાર્કિંગ ઝોનમાં અથવા ટ્રાફિકને અવરોધતી જગ્યાએ પાર્ક કરેલું જોવા મળે, તો RTO ની ટોઈંગ ટીમ તેને વિભાગના પરિસરમાં લઈ જશે. વાહન માલિકને નિર્ધારિત દંડ ચૂકવ્યા પછી જ તેમનું વાહન પાછું મળશે.

## વલસાડ પાલિકા પ્રમુખને હટાવવા કમિશ્નરને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ નગરપાલિકાના વહીવટ અને પાલિકા પ્રમુખની કામગીરી સામે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પાલિકાના વોર્ડ નં-૧ના સભ્ય નિમિષાબેન ગિરીશકુમાર ટંડેલ દ્વારા કમિ'ર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ગાંધીનગર સમક્ષ એક વિધિવત અપીલ દાખલ કરીને વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતી બેન ટંડેલ સામે નિયમોના ઉલ્લંઘનનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટની કલમ-૫૧ મુજબ દર વર્ષે જુલાઈ માસમાં સભા યોજવી ફરજિયાત હોય છે. જોકે, પ્રમુખ દ્વારા ઘોડાપૂર અને ભારે વરસાદનું બહાનું બતાવીને જુલાઈ માસ દરમિયાન સભા યોજવામાં આવી ન હોવાનો આરોપ અપીલમાં કરાયો છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વલસાડ જિલ્લામાં ભારે વરસાદ ૨૫ થી ૨૭ જુલાઈ દરમિયાન થયો હતો, જ્યારે ૧૧ થી ૨૩ જુલાઈ સુધી સભા બોલાવવા માટે પૂરતો સમય હતો. વધુમાં, પડોશી વાપી નગરપાલિકાએ નિયમ મુજબ સભા યોજી હતી, તો વલસાડમાં જ કેમ ન યોજાઈ તેવો સવાલ ઉઠાવવામાં આવ્યો છે. અગાઉની સભા બાદ રાષ્ટ્રગીત ગવાઈ ગયા પછી એજન્ડા બહારના વધારાના ૧ થી ૧૪ કામોના ઠરાવો મિનિટ્સમાં પાછળથી ઉમેરી દેવામાં આવ્યા હોવાનો ગંભીર આરોપ મૂકાયો છે. આથી પ્રમુખ પોતાની ફરજો બજાવવામાં અસમર્થ રહ્યા હોવાનું કહી કલમ-૩૭ મુજબ તેમને પ્રમુખ તથા સભ્ય પદેથી તાત્કાલિક અસરથી દૂર કરવા માંગ કરવામાં આવી છે. વલસાડ પાલીકા પ્રમુખ દ્વારા વારંવાર નિયમ વિરુદ્ધ કામગીરી કરવામાં આવી રહી છે અને તેઓ હોદ્દાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે, જેથી તેમને હોદ્દા પરથી દૂર કરવા અપીલ કરવામાં આવી છે.

દિલ્હીમાં સંત સમુદાયના અપમાન બાબતે

## વલસાડમાં હિન્દુ સંગઠનોનું આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** દેશમાં સનાતન સંસ્કૃતિ અને સાધુ-સંતોના કથિત અપમાનના વિરોધમાં જિલ્લાના સંતો વિશ્વ હિન્દુ પરિષદ સહિત હિન્દૂ સંગઠનો દ્વારા જિલ્લા કલેક્ટર મારફતે ભારતના રાષ્ટ્રપતિને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના દિગ્ગજ નેતાઓ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે અને તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવા તેમજ સાંસદોનું સભ્યપદ રદ કરવા સુધીની ઉગ્ર માંગ કરવામાં આવી છે. ગત ૩૧ જુલાઈના રોજ સંસદ પરિસરમાં સાંસદ પપ્પુ યાદવ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, સાંસદ અવધેશ પ્રસાદ અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ દ્વારા એક કાવતરાના ભાગરૂપે સનાતન ધર્મનું અપમાન કરાયું છે. જેના કારણે સમગ્ર દેશના સનાતન સંત સમાજ અને શ્રદ્ધાળુઓમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.જેને લઈ તમામ સંતો, વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ સહિત મળી તમામ નેતાઓના સાંસદ પદ રદ કરવા તથા એફ. આર. આઈ. કરવા માંગે કરવામાં આવી છે. સાથે જો આગામી દિવસોમાં જો તમામ સનાતન ધર્મના સંતોની માફી ન માગે તો ઉગ્ર પ્રદશનની પણ ચીમકી આપી છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

## વાપીમાં ખોજા સોસાયટીનું જર્જરીત બિલ્ડિંગ ઉતારી લેવા મનપાની નોટીસ

**વાપીમાં અત્યાર સુધીમાં ૧૫૦ થી વધુ જર્જરીત મકાન મુદ્દે માલિકોને આપેલી નોટિસ પૈકી ૨૫ થી વધુ મકાન ખાલી કરાવી દેવામાં આવ્યા,૨૩ જેટલા રિપેરિંગમાં છે જ્યારે ૧૬ મકાનો ઉતરી લેવામાં આવ્યા છે**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપી શહેરના જર્જરીત મકાનોને નોટિસ ફટકારવાનું મનપા તંત્ર દ્વારા જારી રાખતા કબ્રસ્તાન વિસ્તારમાં આવેલી ખોજા સોસાયટીની C-2 નંબરની જર્જરિત બિલ્ડિંગને તોડી પાડવા માટે વાપી નગરપાલિકાએ ગત સપ્તાહે સોસાયટીના ચેરમેનને સત્તાવાર નોટિસ ફટકારી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ બિલ્ડિંગ છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત અને ખખડધજ હાલતમાં હતી. ચોમાસા દરમિયાન બિલ્ડિંગની દિવાલો અને સ્લેબમાંથી પાણી ટપકવાની સાથે પ્લાસ્ટર પણ ખરવા લાગ્યું હતું. ઈમારત કોઈપણ સમયે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિને પગલે અહીં રહેતા પ્રલેટધારકોએ પહેલેથી જ પોતાનો સામાન ખસેડીને અન્ય જગ્યાએ રહેવા જતા રહ્યા હતા. હાલ આ બિલ્ડિંગમાં કોઈ વસવાટ કરતું નથી. સુરક્ષાના દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને મનપાના એન્જિનિયરિંગ વિભાગની ટીમે બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું. રિપોર્ટમાં બિલ્ડિંગને જોખમી જાહેર કરાતા તાત્કાલિક અસરથી તેને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવા સોસાયટીના ચેરમેનને નોટિસ આપવામાં આવી છે.

જો નિયત સમયમાં કાર્યવાહી નહીં થાય તો મનપા પોતે તોડી પાડી તેનો ખર્ચ સોસાયટી પાસેથી વસૂલશે તેવી પણ તાકીદ કરાઈ છે. હવે જોવાનું એ રહ્યું કે, સોસાયટી હોદ્દેદારો શું નિર્ણય લેશે. ચોમાસુ શરૂ થવા પૂર્વેથી જર્જરીત મકાનોને નોટિસ ફટકારવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં ૧૬૦ થી વધુ નોટિસ મનપા દ્વારા ફટકારવામાં આવી હતી.

જેમાંથી ૨૫ જેટલા મકાનો ખાલી કરાવી દેવામાં આવ્યા છે જ્યારે ૨૩ થી વધુ મકાનો જેતે મકાન માલિક દ્વારા રિપેરિંગ કામ શરૂ કર્યું છે. તો ૧૬ જેટલા મકાનો જે અત્યંત જોખમી હોય ઊતરી લીધાં હોવાનું મનપા તંત્ર એ જણાવ્યું છે.

## વલસાડ જિલ્લામાં ૯૫ ઉમેદવારોને શાળા પસંદગી બાદ નિમણૂંક ઓર્ડર અપાયા

**જ્ઞાન સહાયક યોજનાના બીજા તબક્કામાં માધ્યમિક વિભાગના ૪૫ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૫૦ ઉમેદવારોની ૧૧ માસના કરાર આધારિત નિમણૂક**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શહેરની આર જે જે સ્કૂલ ખાતે ભરતી પ્રક્રિયાના બીજા તબક્કાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ભરતી પ્રક્રિયા રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ સંપૂર્ણ પારદર્શિતા અને મેરિટના ધોરણે હાથ ધરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ ડૉ. રાજેશ્રી એલ. ટંડેલની ઉપસ્થિતિમાં ઉમેદવારો માટે શાળા પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બીજા તબક્કામાં માધ્યમિક વિભાગના ૪૫ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૫૦, એમ કુલ ૯૫ ઉમેદવારોએ મેરિટના આધારે પોતાની પસંદગી મુજબ શાળાની પસંદગી કરી હતી. શાળા પસંદગી પૂર્ણ થયા બાદ તમામ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયક તરીકે નિમણૂક ઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે નિયુક્ત જ્ઞાન સહાયકોને અભિનંદન પાઠવ્યા હતાં. આ સમગ્ર ભરતી પ્રક્રિયાનું આયોજન જ્ઞાન સહાયક ભરતીના જિલ્લા નોડલ અધિકારી તથા શિક્ષણ નિરીક્ષક બિપીનભાઈ પટેલના માર્ગદર્શન અને સંકલન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ ભરતીથી જિલ્લાની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્યને વધુ મજબૂતી મળશે તેમજ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES




રાષ્ટ્રીય ધોરી માર્ગ ૧૮૧ સ્થિત ભૈરવી શનિ સપ્ત સ્થાનકની બાજુમાં વન વિભાગ દ્વારા સુન્દર -નમો વડ વન- નું નિર્માણ કરવામાં આવ્યું હતું જેમાં બાળકો માટેના રમત ગમતના સાધનો તથા પ્રવાસીઓ માટે સુંદર બેઠક વ્યવસ્થા ગોઠવી હતી જ્યાંથી નદી કિનારાનું રમણીય દ્રશ્ય મુલાકાતીઓ માણતા હતા જે વડવન ઔરંગાના સને ૬૮ કરતાં પણ વધુ ઘાતક ભારે પુરમાં ખેદાનમેદાન થતા ભારે નુકસાન પામ્યું છે

# સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલનું મુખ્યમંત્રી હસ્તે તા.૮મીએ ઉદ્ઘાટન કરાશે

## તા.૮થી ૨૯ ઓગસ્ટ દરમિયાન ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન કરાયું

**આહવા, તા. ૬ :** ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે તા. ૮ થી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન તા. ૮ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે પી.એચ.સી. પાર્કિંગ ગ્રાઉન્ડ, સાપુતારા સર્કલ નજીક યોજાનાર સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે થશે.

ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે, જ્યારે ગુજરાત સરકારના રાજ્ય પ્રવાસન મંત્રી વ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતની પણ ગરિમામય ઉપસ્થિતિ રહેશે.

આ ઉપરાંત ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત, સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્ય વિજયભાઈ પટેલ સહિત સ્થાનિક લોકપ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે.

ડાંગ કલેકટર એન.ડી.પરમારે કાર્યક્રમ આયોજનને લઈને ચાલી રહેલી તૈયારીઓની જાણકારી સાથે, સૌ પ્રકૃતિપ્રેમી પર્યટકોને ડાંગ જિલ્લાના મોન્સુન ફેસ્ટિવલને માણવા અને જાણવા અત્રે પધારવા ઈજન આપ્યુ છે. સાથે પ્રવાસન કમિશનર અને મેનેજિંગ ડિરેક્ટર ડો.વિપિન ગર્ગ, તથા પ્રવાસન/દેવસ્થાન વ્યવસ્થાપન સચિવ ડો. કુલદીપ આર્ય એ પણ સૌને ચોમાસામાં ખીલી ઊઠતા ડાંગના પ્રાકૃતિક



સૌંદર્યને માણવા નિમંત્રણ પાઠવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષાઋતુ દરમિયાન હરિયાળીથી છલકાતું સમગ્ર ડાંગ અને સાપુતારાનું કુદરતી સૌંદર્ય, અહીંની ભાતીગળ આદિવાસી સંસ્કૃતિ અને લોકકલાના અનોખા સમન્વયનું કેન્દ્ર બની રહે છે. સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓ માટે વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે ક્રાફ્ટ બજાર, અને પારંપારિક વ્યંજન, ભોજનનો રસાસ્વાદ પણ પ્રવાસીઓને માણવા મળે છે.

દરમિયાન ભવ્ય ઉદ્ઘાટન પરેડ, દૈનિક સાંસ્કૃતિક અને સંગીતમય કાર્યક્રમો, રોમાંચક એડવેન્ચર તથા સાહસિક પ્રવૃત્તિઓ, સ્થાનિક વાનગીઓ અને નેચર ટ્રેલ, હસ્તકલા અને આદિવાસી કલા પ્રદર્શન તેમજ સેલ્ફી પોઈન્ટ્સ અને મનોરંજનના વિવિધ આકર્ષણોનો આનંદ માણવાની તક પણ ઉપલબ્ધ થાય છે. ગુજરાત પ્રવાસન વિભાગે રાજ્ય તેમજ દેશ-વિદેશના પ્રવાસીઓને પરિવાર સાથે સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં સહભાગી બની પ્રકૃતિ, સંસ્કૃતિ અને વરસાદી સૌંદર્યનો અનોખો અનુભવ માણવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# વાંસદાની વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખાતે પ્રવેશોત્સવ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૦૬ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદા ૦૬/૦૮/૨૦૨૬, ગુરુવારના રોજ આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ કૉલેજની ત્મ્ધ્ક કમિટી અને સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં F.Y.B.A., F.Y.B.Com. તથા F.Y.B.Sc.માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ-૨૦૨૬-૨૭ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત દીપપ્રાગટ્ય તથા સમૂહમાં પ્રભુસ્મરણ અને કૉલેજ ગીત દ્વારા કરવામાં આવી હતી. નવા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી તેમને ઉચ્ચ શિક્ષણના નવા પ્રવાસ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. પ્રસંગોચિત ઉદ્બોધન કરતાં આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી એ જણાવ્યું હતું કે, નવી આશાઓ, નવા સપનાઓ અને નવી ઓળખનો પ્રારંભ એટલે પ્રવેશોત્સવ. જીવનમાં સફળતા મેળવવા માટે નિયમિત મહેનત, શિસ્ત, સમયપાલન અને સકારાત્મક અભિગમ અનિવાર્ય છે. કૉલેજના નિયમોનું પાલન, નિયમિત હાજરી, અભ્યાસ પ્રત્યેની નિષ્ઠા, આઈ-કાર્ડનો



ઉપયોગ તથા વાહન પાર્કિંગ જેવી બાબતોનું પાલન વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. ડૉ. નરેશભાઈ એમ. મહાકાળે વિદ્યાર્થી જીવનમાં શિસ્ત, સંસ્કાર અને જવાબદારીના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ એસો. પ્રો. બી. ડી. ગામીત પરીક્ષા પદ્ધતિ, અભ્યાસ આયોજન અને શૈક્ષણિક નિયમોની વિસ્તૃત માહિતી આપી હતી. IQAC કમિટીના કો-ઓર્ડિનેટર એસો. પ્રો. અજીતભાઈ આર. પટેલે કૉલેજમાં કાર્યરત વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓ અને પ્રકલ્પોની માહિતી આપતાં જણાવ્યું હતું કે સપ્તધારા, NSS, ઉદિશા, પ્લેસમેન્ટ સેલ, SSIP, ઈનોવેશન ક્લબ, કવચ, સેતુ, સ્કોપ અને ફિનિશિંગ સ્કૂલ જેવા પ્રકલ્પો દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સમયાંતરે વિનામૂલ્યે તાલીમ વર્ગો, વર્કશોપ, સેમિનાર અને વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમો યોજવામાં આવે છે.

ઉપરાંત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી કલ્યાણ માટે NTF સેલ સહિત વિવિધ અન્ય સમિતિઓ પણ કાર્યરત છે. આ કાર્યક્રમમાં કૉલેજના તમામ અધ્યાપકો તેમજ F.Y.B.A.,F.Y.B.Com. અને F.Y.B.Sc.માં નવા પ્રવેશ મેળવનાર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિમુબેન એસ. ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા.ડૉ. ગૌતમભાઈ આર.ગાયકવાડે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બીલીમોરાના જાયન્ટ્સ અને હરિયાલી ગ્રુપ દ્વારા વાઘરેચના પૂરગ્રસ્તોને સહાય અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૬ :** તાજેતરમાં આવેલ ભયાનક રેલમાં વાઘરેચ નાયકીવાડનો સમગ્ર વિસ્તાર ગરકાવ થઈ જતાં ગરીબ શ્રમજીવી પરિવારોની સંપૂર્ણ ઘરવખરી નષ્ટ પામી હતી. આવા કટોકટીના સમયે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા અને હરિયાલી ગ્રુપે સાથે મળીને પૂરગ્રસ્તોની વહારે આવી માનવતા મહેકાવી હતી.

આ સેવાયજ્ઞ અંતર્ગત દાતાશ્રી છગનભાઈ પટેલ, બાબુભાઈ પટેલ અને 'પ્રિયંકા ડ્રેસીસ'ના આર્થિક સહયોગથી જાયન્ટ્સ ગ્રુપ દ્વારા ૧૨૦ જેટલા પૂરગ્રસ્ત કુટુંબોને રાશન કિટ (અનાજ, ચા-મસાલા), ગરમ ધાબળા તેમજ ભાઈઓ, બહેનો અને બાળકો માટે નવા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ હરિયાલી ગ્રુપ દ્વારા પણ પ્રત્યેક પરિવારને ચટાઈ, ચંપલ અને રાશન કિટ એનાયત કરાઈ હતી.

આ રાહત કાર્યક્રમમાં જાયન્ટ્સ ગ્રુપના પ્રમુખ અશોકભાઈ પટેલ, હરિયાલી ગ્રુપના પ્રમુખ દિપેશભાઈ પટેલ, તેમની ટીમો તથા શિવ-શક્તિ યોગા ગ્રુપની બહેનોએ સક્રિય હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે વાઘરેચના માજી સરપંચ મનહરભાઈ ટંડેલે બંને સામાજિક સંસ્થાઓ અને દાતાઓનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ભગવાન બીરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન બસ સેવા અંતર્ગત

# ડાંગ જિલ્લામાં વધુ પાંચ બસોનું લોકાપર્ણ કરાયું



**આહવા, તા. ૬ :** ડાંગ જિલ્લાના જનજાતિ વિસ્તારોમાં પરિવહન સુવિધાને વધુ સુલભ અને સશક્ત બનાવવા માટે ભગવાન બીરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન બસ સેવા અંતર્ગત ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની વધુ ૫ નવી બસોનું આહવા ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલના હસ્તે આ બસ સેવાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત, આહવાના સરપંચ હરિરામ સાવંત, ડેપો મેનેજર ગૌસ્વામી તેમજ અન્ય આગેવાનો, પદાધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે, ભગવાન બીરસા મુંડાના નામે શરૂ કરવામાં આવેલી આ બસ સેવા આદિજાતિ વિસ્તારોના લોકો માટે શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને અન્ય આવશ્યક સેવાઓ સુધીની પહોંચને વધુ સરળ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. નવી બસોના પ્રારંભથી જિલ્લાના અંતરિયાળ ગામોના મુસાફરોને સુરક્ષિત, આરામદાયક અને સમયસર પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા આ નવિન બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોને વધુ સારી અને ગુણવત્તાસભર સેવા પૂરી પાડવાના પ્રયાસોની પ્રશંસા કરી આ બસોમાં પ્રતિકાત્મક મુસાફરી પણ કરી હતી. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલમાં પાર્કિંગ સમસ્યા માથાનો દુ:ખાવો

## ગુજરાત પ્રવાસન વિભાગની ખાયકી નીતિ અને ટેન્ડર પ્રક્રિયાની પારદર્શિતા સામે ગંભીર સવાલો : કરોડોના ખર્ચ છતાં પ્રવાસીઓ પાયાની સુવિધાઓથી વંચિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૬ :** ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ગુજરાત -વાસન વિભાગ (ગાંધીનગર) દ્વારા આગામી ૮મી ઓગસ્ટથી ૨૯મી ઓગષ્ટ સુધીનાં એક મહિના માટે 'મેઘ મલ્હાર પર્વ' (મોન્સૂન ફેસ્ટિવલ)નું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ, આ ફેસ્ટિવલનો પ્રારંભ થાય તે પહેલાં જ પ્રવાસન વિભાગ ઘેરા વિવાદોમાં સપડાયું છે. નક્કર આયોજન વિના પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ કરવાની વિભાગની નીતિ અને પાયાની સુવિધાઓ આપવાને બદલે માત્ર મલાઈદાર ઉત્સવો યોજવાના વલણ સામે સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.દર વર્ષે મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન સાપુતારામાં હજારો પ્રવાસીઓ ઉમટી પડે છે, પરંતુ અહીં પાર્કિંગ અને ટ્રાફિક નિયમનની કોઈ નક્કર વ્યવસ્થા નથી. ચોંકાવનારી બાબત એ છે કે જે સ્થળનો ઉપયોગ વાહન પાર્કિંગ માટે થતો હતો, તે જ જગ્યા પર ફેસ્ટિવલના ડોમ અને આયોજનો ખડકી દઈને સંચાલકોએ



પાર્કિંગની ઉપલબ્ધ જગ્યામાં વધુ ઘટાડો કરી નાખ્યો છે.પાયાની સુવિધા ઊભી કરવાને બદલે નવી સમસ્યાઓ સર્જતા આયોજકોના કારણે પ્રવાસીઓને રસ્તાઓ પર જ વાહનો પાર્ક કરવાની ફરજ પડે છે, જેનાથી કલાકો સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે.આ મહોત્સવ માત્ર ખિસ્સા ભરવાનો ઉત્સવ બની ગયો હોવાના આક્ષેપો સાથે સ્થાનિકોએ ટેન્ડર પ્રક્રિયા અને ખર્ચની પારદર્શિતા સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. પ્રવાસન વિભાગના અમુક અધિકારીઓની મિલીભગતથી આ વર્ષે મોન્સૂન ફેસ્ટિવલનું કામ લલ્લુજી એન્ડ સન્સ કંપનીને સોંપવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. નોંધનીય છે કે આ એજન્સી ભૂતકાળમાં પણ અનેક વિવાદોમાં ઘેરાયેલી રહી છે. અગાઉના વર્ષોમાં કાર્યક્રમોના નામે માત્ર વેઠ ઉતારીને મોટાપાયે બોગસ બિલો મૂકી સરકારી તિજોરીને ચૂનો ચોપડ્યો હોવાના ગંભીર આક્ષેપો આ કંપની પર લાગેલા છે. તેમ છતાં તેને ફરી કોન્ટ્રાક્ટ અપાતાં વિભાગની દાનત સામે સવાલો ઊભા થયા છે.સ્થાનિક વેપારીઓ, પ્રવાસીઓ અને નાગરિકોની સ્પષ્ટ માંગ છે કે પ્રવાસન વિભાગ માત્ર મનોરંજનના નામે કમાણી કરવાનો મોહ છોડીને પાર્કિંગ, ટ્રાફિક નિયંત્રણ, સ્વચ્છતા અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓને પ્રાથમિકતા આપે. સાથે જ, પ્રવાસન વિભાગના અધિકારીઓની છત્રછાયા હેઠળ કમાણીના લ્હાયમાં આયોજન સાથે ચેડાં કરતી વિવાદાસ્પદ લલ્લુજી એન્ડ સન્સ કંપની સામે રાજ્ય સરકાર તાત્કાલિક તપાસ કરાવીને કડકમાં કડક પગલાં ભરે તેવી વ્યાપક માંગ ઉઠી છે.

# વાંસદાની પ્રતાપ હાઈસ્કૂલમાં એવોર્ડ એનાયત સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૦૬ :** વાંસદા તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદા તથા શ્રી પ્રતાપ હાઈસ્કૂલ પ્રાથમિક વિભાગના સંયુક્ત ઉપક્રમે હિરક મહોત્સવ પ્રાર્થના હોલ ખાતે એવોર્ડ એનાયત સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.સમારોહમાં શૈક્ષણિક, રમતગમત, સાંસ્કૃતિક તેમજ વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ટ્રોફી તથા રોકડ પુરસ્કાર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ વાંસદા તાલુકા કેળવણી મંડળના પ્રમુખના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંડળના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તેમજ સીઆરસી પ્રફુલભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના આચાર્ય જયદીપસિંહ પરમારે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ શિક્ષણની સાથે રમતગમત, સાંસ્કૃતિક, સાહિત્યિક તથા અન્ય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લઈ પોતાની પ્રતિભા વિકસાવવી જોઈએ અને શાળા તેમજ પરિવારનું નામ ગૌરવપૂર્ણ બનાવવું જોઈએ. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવો



એ જ શાળાની પ્રથમ પ્રાથમિકતા છે. પ્રમુખ તેમજ ટ્રસ્ટી ધર્મેન્દ્રસિંહ સોલંકી એ પણ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા

સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# ચીખલીની કુમાર શાળાનું ગૌરવ



**ચીખલી, તા.૦૬ :** ચોથી સપ્ટે.એ ખારેલ ખાતે યોજાયેલી અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધાની આર્ટિસ્ટિક સિંગલ ઈવેન્ટમાં પી.એમ. ચીખલી કુમાર શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરીને શાળા તેમજ સમગ્ર ચીખલી તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

શાળના વિદ્યાર્થી રોહિતસિંહ ઠાકોરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું, વિકાસ રાજભરે દ્વિતીય સ્થાન મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. રોહિતસિંહ ઠાકોર અગાઉ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષા સુધી પહોંચ્યા હતા. હવે તેઓ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા રાજ્ય કક્ષાની યોગાસન સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. બંને વિદ્યાર્થીઓએ યોગાસન કોચ મિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ આ સફળતા મેળવતા આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યએ બંને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૭-૦૮-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** અષાઢ, નવમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૬ **સૂર્યાસ્ત** ૦૭ :૧૩, **ચંદ્રોદય** - ૧૨:૧૩ **ચંદ્રાસ્ત** - ૦૨:૧૫ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - કૃતિકા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** કાર્યક્ષેત્રમાં તમારી ઉર્જા અને સર્જનાત્મકતા ટોચ પર રહેશે. ધંધાકીય બાબતોમાં નવો રોડમેપ કે આયોજન સફળ સાબિત થશે. પરિવારમાં સહકાર સારો રહેશે.

**વૃષભ(બ.વ.ઉ) :** નાના ભાઈ-બહેનો અથવા સહકર્મીઓની મદદથી વેપારમાં નવો પ્રોજેક્ટ મળી શકે છે. આત્મવિશ્વાસ વધશે. સાંજ સુધીમાં મહેનતનું સંતોષકારક ફળ મળશે.

**મિથુન(ક.છ.ઘ) :** વેપારમાં વાતચીત અને નવા લોકો સાથે જોડાવા માટે દિવસ સારો છે. નસીબનો સાથ મળશે.

**કર્ક(ડ.હ) :** પરિવાર સાથે સારો સમય વિતશે. પ્રોપર્ટી કે રિયલ એસ્ટેટના વેપારીઓને મોટો ફાયદો થઈ શકે છે.

**સિંહ(મ.ટ.) :** આવતીકાલનો દિવસ તમારા માટે થોડો પડકારજનક હોઈ શકે છે. ખર્ચમાં વધારો થવાથી ચિંતા થઈ શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** અટકેલા કાર્યોમાં સફળતા મળશે. કોર્ટ-કચેરીના મામલામાં રાહત મળશે.

**તુલા (ર.ત.) :** આવતીકાલે આવકના નવા સ્ત્રોત ઊભા થશે. કૌટુંબિક વિવાદોનો અંત આવી શકે છે. નોકરિયાત વર્ગને અધિકારીઓ તરફથી પ્રશંસા મળશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આવતીકાલે કોઈ ધાર્મિક યાત્રા કે પ્રવાસનો યોગ બની શકે છે. કાર્યસ્થળ પર કામનું ભારણ રહેશે, પરંતુ સફળતા પણ મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આવતીકાલે વિદ્યાર્થીઓ માટે ઉત્તમ દિવસ છે. વિદેશ યાત્રા કે લાંબા અંતરની મુસાફરીની તક મળી શકે છે. પરિવાર સાથે કોઈ માંગલિક પ્રસંગની ચર્ચા થઈ શકે છે.

**મકર(જ.ખ) :** ધન લાભના મજબૂત યોગ છે. અટકેલા નાણાં પાછા મળશે અને પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**કુંભ(ગ.શ.સ.) :** માનસિક શાંતિનો અનુભવ થશે. સામાજિક પ્રતિષ્ઠા વધશે.

**મીન(દ.ચ.ઝ.થ) :** ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે દિવસ સારો છે. સોશિયલ મીડિયા અને અજાણ્યા લોકોથી સાવધાન રહેવું

# દમણ રેડિયો

102.3 FM

શુક્રવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | 5 | | | | 9 | 2 | 1 |
| 4 | 2 | | 3 | | | | | |
| | | | | | 9 | 5 | | |
| | | | | 7 | | | 9 | |
| | 9 | | 6 | | 1 | | 8 | |
| | 1 | | | 5 | | | | |
| | | 4 | 5 | | | | | |
| | | | | | 4 | | 1 | 6 |
| 2 | 7 | 3 | | | | 4 | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૪૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 1 | 3 | 5 | 6 | 7 | 8 | 9 | 4 |
| 5 | 6 | 7 | 9 | 4 | 8 | 2 | 3 | 1 |
| 9 | 4 | 8 | 3 | 1 | 2 | 5 | 7 | 6 |
| 7 | 2 | 4 | 8 | 5 | 9 | 6 | 1 | 3 |
| 6 | 8 | 1 | 4 | 7 | 3 | 9 | 5 | 2 |
| 3 | 9 | 5 | 1 | 2 | 6 | 4 | 8 | 7 |
| 1 | 7 | 6 | 2 | 8 | 5 | 3 | 4 | 9 |
| 4 | 5 | 9 | 6 | 3 | 1 | 7 | 2 | 8 |
| 8 | 3 | 2 | 7 | 9 | 4 | 1 | 6 | 5 |

## દમણનાં શૈક્ષણિક સંસ્થાઓમાં જેમ્સ ઑફ ઈન્ડિયા જાગૃતિ અભિયાન યોજાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૦૬ :** MY Bharat દ્વારા જેમ્સ ઑફ ઈન્ડિયા પહેલ અંતર્ગત દમણની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ–ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, NIFT દમણ અને ગવર્નમેન્ટ કોલેજ, દમણમાં જાગૃતિ અને સહભાગિતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને યુવાનોમાં આ રાષ્ટ્રીય પહેલ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા તેમની વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો.આ અભિયાનનું આયોજન દમણના ડેપ્યુટી કલેક્ટર પ્રિયાંશુ સિંહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની જેમ્સ ઑફ ઈન્ડિયા પહેલના હેતુ, મહત્વ અને વિવિધ પાસાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જાગૃતિ સત્રોમાં વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરીને તેમને આ પહેલમાં જોડાવાની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી તેમજ તેમની જિજ્ઞાસાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, વિદ્યાર્થીઓને પોતે સક્રિય રીતે ભાગ લેવા સાથે પોતાના સહાધ્યાયીઓ અને અન્ય યુવાનો સુધી પણ આ પહેલની માહિતી પહોંચાડવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. અભિયાન દરમિયાન ભારતની સિદ્ધિઓ, પ્રેરણાદાયી વ્યક્તિત્વો, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને વિવિધ ક્ષેત્રોમાં દેશના નોંધપાત્ર યોગદાન અંગે યુવાનોમાં જાગૃતિ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. MY Bharatનો હેતુ રાષ્ટ્રીય મહત્વની યોજનાઓ અને કાર્યક્રમોની માહિતી વધુમાં વધુ યુવાનો સુધી પહોંચાડીને તેમની અર્થપૂર્ણ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. દમણની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં યોજાયેલા આ જાગૃતિ અભિયાનને વિદ્યાર્થીઓ તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ અને સક્રિય સહભાગિતા મળી હતી. આ પહેલ યુવાનોને રાષ્ટ્રીય મહત્વના કાર્યક્રમો સાથે જોડવા અને જનજાગૃતિને વધુ મજબૂત બનાવવાના સતત -યાસોનો એક મહત્વપૂર્ણ ભાગ હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

# કપરાડા તા.પં. ખાતે નારી વંદન ઉત્સવ યોજાયો

**મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે મહિલા સરપંચઓ તથા બાલિકા પંચાયતની દીકરીઓનો સન્માન અને સંવાદ કાર્યક્રમ યોજાયો**





**વલસાડ, તા. ૦૬ :** જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે કપરાડા તાલુકા પંચાયત ખાતે મહિલા સરપંચઓ તથા બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સન્માન અને સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત આનંદ પટેલ, તાલુકા વિકાસ અધિકારી, કપરાડા દ્વાએઆ સ્વાગત પ્રવચન કરી સૌને આવકારવામાં આવ્યા હતા. મહિલાઓ અને બાલિકાઓના નેતૃત્વ, ગ્રામ વિકાસમાં તેમની સક્રિય ભૂમિકા અને સમાજ નિર્માણમાં તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ બાલિકા પંચાયતની દીકરીઓને તાલુકા વિકાસ અધિકારીની કચેરી ખાતે પંચાયત વિભાગની કામગીરી, સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા, ગ્રામ વિકાસ યોજનાઓ તથા પંચાયતની વિવિધ જવાબદારીઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

હસુમતીબેન દીવા, બાળ વિકાસ યોજના અધિકારી (સી.ડી.પી.ઓ.), કપરાડા દ્વારા બાલિકાઓના પોષણ, શારીરિક અને માનસિક વિકાસ, કિશોરી આરોગ્ય, શિક્ષણ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલમાં રહેલી વિવિધ યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે બાલિકા પંચાયતની દીકરીઓને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા, સમાજ વિકાસમાં સક્રિય ભાગ લેવા તેમજ પંચાયત અને સરકારી યોજનાઓમાં સહભાગી થવા માટે -રિત કર્યા હતા.

જીજ્ઞેશ પટેલ, જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર, વલસાડ દ્વારા બાલિકા પંચાયતની રચના, હેતુ, જવાબદારીઓ અને તેની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિજ્ઞીશા પટેલ, જેન્ડર સ્પેશિયાલિસ્ટ, વલસાડ દ્વારા બાલિકા પંચાયતની વિવિધ પ્રવૃત્તિઓ, મહિલા નેતૃત્વ વિકાસ અને સામાજિક સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સ્નેહલ પટેલ, પી.બી.એસ.સી. કાઉન્સેલર, કપરાડા દ્વારા સેન્ટરની કામગીરી, મહિલાઓ અને બાળિકાઓ માટે ઉપલબ્ધ કાઉન્સેલિંગ સેવાઓ તથા વિવિધ સહાયકારી સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

સ્નેહાલી પટેલ, કેન્દ્ર સંચાલક, સખી વન સ્ટોપ સેન્ટર, વલસાડ દ્વારા મહિલા સુરક્ષા, કાનૂની સહાય, કાઉન્સેલિંગ અને પુનર્વસન સંબંધિત સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત બાલિકા પંચાયતની તમામ દીકરીઓને તાલુકા વિકાસ અધિકારીની કચેરી, મામલતદારની કચેરી, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ તથા પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી હતી. અને નાગરિકોને આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. સંબંધિત વિભાગોના અધિકારીઓ દ્વારા પોતાની કચેરીની કામગીરી, નાગરિકોને આપવામાં આવતી સેવાઓ અને શાસકીય વ્યવસ્થાની પ્રક્રિયા અંગે બાલિકાઓને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપસ્થિત તમામ બાલિકા પંચાયતની દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે કેપ અને પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં મહિલા સરપંચઓ, બાલિકા પંચાયતની દીકરીઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ હાજર રહેલ.સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ અને બાલિકાઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ પ્રત્યે જાગૃતિ, શાસકીય વ્યવસ્થાની સમજ અને સમાજના સર્વાંગી વિકાસમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો.

## પારડીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાનનો શુભારંભ કરાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૬ :** પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ભારત સરકારના નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાનનો પ્રારંભ વડા-ધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું અને કિલ્લાપારડી બ્રહ્માકુમારીજ દ્વારા બ્રહ્માકુમારી પારુલબેન અને મીનલ બેને દીપપ્રાગટ્ય કરી અભિયાન નો શુભારંભ કરાવ્યો હતો આ મહાઅભિયાન ૬ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશમાં યોજાશે.

ઉપરોક્ત માહિતી આપતા કિલ્લાપારડીના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી પારુલ બહેને જણાવ્યું હતું કે, આ અભિયાન બ્રહ્માકુમારીઝની પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની ૧૯મી પુણ્ય સ્મૃતિને સમર્પિત છે. અભિયાનનો મુખ્ય હેતુ દેશના ૧૦ કરોડથી વધુ નાગરિકોને નશામુક્તિનો સંકલ્પ અપાવી, જનજાગૃતિ ફેલાવવી, રાજયોગ ધ્યાન દ્વારા સકારાત્મક જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપવી તથા નશામુક્ત, સ્વસ્થ અને વિકસિત ભારતના નિર્માણમાં જનભાગીદારી વધારવી છેઆ અવસરે મુખ્ય અતિથિઓ, સરકારી અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, શિક્ષણવિદો, ડૉક્ટરો, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, યુવા સંગઠનો તેમજ બ્રહ્માકુમારી પરિવારના ભાઈ-બહેનો ઉપસ્થિત રહયા હતા કાર્યક્રમ દરમિયાન સૌ નાગરિકોને નશાથી દૂર રહેવા, પોતાના પરિવારને નશામુક્ત બનાવવા, મિત્રો અને સમાજને પણ નશામુક્તિ માટે પ્રેરિત કરવા તથા ઓછામાં ઓછા ૫૦ લોકોને નશામુક્તિ પ્રતિજ્ઞા સાથે જોડાવા માટે અપીલ કરવામાં આવશે.

અભિયાન અંતર્ગત સમગ્ર કિલ્લાપારડી તાલુકા ની શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, સરકારી કચેરીઓ, આરોગ્ય સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, ગ્રામ પંચાયતો અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં નશામુક્તિ જાગૃતિ કાર્યક્રમો, રાજયોગ ધ્યાન સત્રો, પ્રેરણાત્મક વ્યાખ્યાનો, રેલીઓ અને પ્રતિજ્ઞા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે નાગરિકો લીક કે મ્ર કોડ સ્કેન કરીને અથવા WhatsApp નંબર ૯૪૧૪૧૫૪૦૦૦ પર PLEDGE લખીને પણ નશામુક્તિ પ્રતિજ્ઞામાં જોડાઈ શકે છે સંપૂર્ણ દેશના દરેક નાગરિકને આ ઐતિહાસિક અભિયાનમાં જોડાઈને નશામુક્ત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

**‘હર ઘર તિરંગા’ અને ‘તિરંગા યાત્રા’ની તૈયારી**

## વલસાડ જિલ્લા ભાજપની બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર તથા પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી પ્રશાંતભાઈ કોરાટની સૂચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય કાર્યાલયમાં એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન) તેમજ જિલ્લાના પ્રભારી વિનયભાઈ શુક્લા ખાસ વિશેષ ઉપસ્થિતિમાં રહ્યા હતા, આગામી રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યોજાનાર ‘હર ઘર તિરંગા’ અને ‘તિરંગા યાત્રા’ કાર્યક્રમોને સમગ્ર જિલ્લામાં ભવ્ય અને સફળ બનાવવા માટે આ બેઠકમાં વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી

આગામી તારીખ ૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટ દરમિયાન જિલ્લાના દરેક મંડળોમાં ‘હર ઘર તિરંગા’ અને ‘તિરંગા યાત્રા’નું ભવ્ય આયોજન કરવા માટે જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લા, જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા અને પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન) એ હાજર હોદ્દેદારો અને કાર્યકર્તાઓને જરૂરી સૂચનો તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.૧૪મી ઓગસ્ટના રોજ ‘વિભાજન વિભીષિકા દિવસ’ અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમો અને તેની ગંભીરતા તથા મહત્વ વિશે પણ બેઠકમાં ઉપસ્થિત નેતૃત્વ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ઓલગામમાં કેન્સર સ્ક્રીનીંગ અને હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વલસાડ, તા. ૦૬ :** સેવા હી સંગઠનના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા એક સરાહનીય આરોગ્ય સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ પ્રવિણાબેન પટેલની આગેવાની હેઠળ વલસાડ તાલુકાના ઓલગામ ગામે આ ફ્રી કેન્સર સ્ક્રીનીંગ અને જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ (નિરાલી હોસ્પિટલ) અને કોટક મહિન્દ્રા બેંકના વિશેષ સહયોગથી વલસાડના ઓલગામ ગામે વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રવિણાબેન પટેલની આગેવાની હેઠળ નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ અને કોટક મહિન્દ્રા બેંકના સહયોગથી કેન્સર સ્ક્રીનીંગ (કેન્સરની વહેલી તકે નિદાન સેવા) અને જનરલ હેલ્થ ચેકઅપ રાખવામાં આવતા ઓલગામ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના મોટી સંખ્યામાં ગ્રામજનો અને ખાસ કરીને મહિલાઓએ ઉપસ્થિત રહીને નિષ્ણાત તબીબોની સેવાઓ અને આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.

સ્થાનિક લોકોએ મહિલા મોરચા અને નિરાલી હોસ્પિટલની આ સામાજિક અને આરોગ્ય વિષયક સેવાકીય કામગીરીને બિરદાવી હતી.

## પાનવા ગ્રુપ ગ્રામ પંચાયતને મળી ૧૦૮ એમ્બ્યુલન્સની ભેટ



**ધરમપુર, તા.૦૬ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તાર માટે પાનવા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ સતિષભાઈ ચૌધરી દ્વારા આ વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સની તાતી જરૂરિયાત અંગે સિદુંબર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને હકારાત્મક રીતે ધ્યાનમાં લઈ આરોગ્ય વિભાગ દ્વારા પાનવા ગ્રામ પંચાયતને ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે.

આ નવી સુવિધાના પ્રારંભ સાથે હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા દરરોજ ૧૨ કલાક કાર્યરત રહેશે. આરોગ્ય વિભાગના માપદંડ મુજબ દર મહિને ૨૦૦થી વધુ દર્દીઓ સેવા લેશે તો આ સેવા ૨૪ કલાક માટે વિસ્તૃત કરવામાં આવશે, જેના કારણે સમગ્ર વિસ્તારને વધુ સગવડ મળશે.પાનવા ઉપરાંત ટીટુખડક, ઉકતા, દાંડવડ, સિદુંબર, કેળવણી, પીરમાળ, રાનવેરી, ચિચોઝર અને બરૂમાળ સહિત આસપાસના અનેક ગામોના લોકોને હવે તાત્કાલિક આરોગ્ય સેવા સરળતાથી ઉપલબ્ધ બનશે. અત્યાર સુધી આ વિસ્તારમાં સર્પદંશ, પ્રસુતિ તેમજ અન્ય ગંભીર અને સામાન્ય બીમારીઓના દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે ૧૦૮ એમ્બ્યુલન્સ શરૂ થતાં દર્દીઓને સમયસર સારવાર મળી શકશે અને કિંમતી જીવ બચાવવામાં મદદ મળશે.

આજરોજ પાનવા ગ્રામ પંચાયત ખાતે તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરીના હસ્તે કંકુપ્રતિલક કરી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો શુભ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પાનવા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ સતિષભાઈ ચૌધરી, ગ્રામ પંચાયતના સભ્ય શંકરભાઈ, ગામના આગેવાનો તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ ઉપસ્થિત રહી નવી આરોગ્ય સેવાનું સ્વાગત કર્યું હતું.

સ્થાનિક લોકોમાં આ નવી સુવિધાને લઈને આનંદની લાગણી જોવા મળી રહી છે. ગ્રામજનોનું માનવું છે કે અંતરિયાળ વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ થતાં ઈમરજન્સી સમયે દર્દીઓને ઝડપી સારવાર મળી રહેશે અને આરોગ્ય સેવાઓ વધુ સુલભ બનશે.

## અટકપારડીમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે

**વલસાડ, તા. ૬ :** દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ આદિવાસી સંઘ, વલસાડ દ્વારા આગામી ૯મી ઓગસ્ટના રવિવાર ના રોજ ‘વિશ્વ આદિવાસી દિવસ’ ની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી અટકપારડી માં આવેલા ધોડિયા સમાજ હોલ, અટકપારડી, વલસાડ માં સવારે ૧૦ વાગ્યે કરવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આદિવાસી સમાજની આગવી સંસ્કૃતિ, પ્રાચીન પરંપરાઓ, સમૃદ્ધ લોકવારસો અને પ્રકૃતિ સાથેના અતૂટ સંબંધોને ગૌરવભેર બિરદાવવા તેમજ આ વારસાને આવનારી પેઢી સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.આ ઉજવણી પ્રસંગે આદિવાસી પરંપરાગત નૃત્યો, લોકસંસ્કૃતિની ઝાંખી તેમજ સમાજ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.?આદિવાસી સંઘ, વલસાડ દ્વારા વલસાડ જિલ્લાના તમામ નાગરિકો, સમાજશ્રેષ્ઠીઓ તેમજ યુવાનોને સહપરિવાર ઉપસ્થિત રહી આપણી ઓળખ અને વારસાની ઉજવણીમાં સહભાગી થવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચીખલી વસુધારામાં ડેરીના પ્રણેતા નરેન્દ્રભાઈ વશીને ભાવાંજલિ અપાઈ



**ચીખલી, તા.૬ :** વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (વસુધારા ડેરી) સહકારી ડેરી ક્ષેત્રના ભીષ્મપિતામહ, શ્વેતક્રાંતિના પ્રેરણામૂર્તિ અને લાખો પશુપાલકોના હિતચિંતક સ્વ. નરેન્દ્રભાઈ બી, વશીની સ્મૃતિમાં બુધવારે ચીખલીના દિનકર ભવન ખાતે શ્રદ્ધાંજલિ સભા લાગણીસભર માહોલ વચ્ચે સંપન્ન થઈ હતી. વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના દૂધ ઉત્પાદકો, અસંખ્ય પશુપાલકો, સહકારી આગેવાનો, રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ સેંકડો પ્રશંસકો ઉપસ્થિત રહી પોતાના પ્રિય નેતાને અશ્રુભીની ભાવાંજલિ અર્પણ કરી હતી.

સમગ્ર દિનકર ભવન શોકમય વાતાવરણમાં ડૂબી ગયો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ વશીએ પોતાના પાંચ દાયકાના કાર્યકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતના સહકારી દૂધ આંદોલનને નવી દિશા અને મજબૂત ઓળખ આપી હતી. તેમણે માત્ર એક ડેરી સંસ્થાનું નિર્માણ કર્યું નહોતું, પરંતુ હજારો ગરીબ, આદિવાસી, નાના અને સીમાંત ખેડૂતોના જીવનમાં પશુપાલન દ્વારા આર્થિક સમૃદ્ધિનો નવો માર્ગ ખુલ્લો કર્યો હતો. આ પ્રસંગે વસુધારા ડેરીના ચેરમેન રાજેશ ઉર્ફે રાજાભાઈ પટેલ, વાઈસ ચેરમેન, કારોબારી મંડળના સભ્યો, ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર વિજયભાઈ કાપડીયા, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ક્વોરી એસોસિએશનના સલીમ પટેલ, માજી સાંસદ કાનજીભાઈ પટેલ, ખેડૂત સમાજ પ્રમુખ જયેશ પટેલ (દેલાડ), માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, પૂર્વ ચેરમેન ગમનભાઈ પટેલ, સુધાબેન પટેલ, કલાવતી પટેલ, મહારાષ્ટ્રના માજી ધારાસભ્ય ખડસે, નિર્મળાબેન તથા નટુભાઈ નાયક સહિત અનેક મહાનુભાવોએ નરેન્દ્રભાઈ સાથે જોડાયેલી યાદો તાજી કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સ્વ. નરેન્દ્રભાઈ વશીની પુત્રી ઉર્મિ વશીએ પરિવાર અને વસુધારા ડેરી સાથે જોડાયેલા સંસ્મરણો વહેંચતાં સમગ્ર વાતાવરણ ભાવવિભોર બની ગયું હતું. તેમના સંસ્મરણો દરમિયાન અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. તેમના ધર્મપત્ની રેખાબેન વશી સહિત પરિવારજનો પણ લાગણીસભર ક્ષણોમાં ભાવુક બન્યા હતા.

## ધરમપુરના હેદરી ગામની પ્રાથમિક શાળાની જિલ્લા કલેક્ટરે મુલાકાત લીધી



**વાપી, તા. ૬ :** વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાગવાને આજે ધરમપુર તાલુકાની મુલાકાત દરમિયાન હેદરી ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ધોરણ-૫ના વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો અને તેમની શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન કર્યું.

જિલ્લા કલેક્ટરે વિદ્યાર્થીઓને અંગ્રેજી, હિન્દી, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાંથી વિવિધ પ્રશ્નો પૂછી તેમની સમજશક્તિ અને જ્ઞાનની ચકાસણી કરી હતી. ઉપરાંત ધોરણ-૫ના એક વિદ્યાર્થીને પાંચ અને છના ઘડિયા બોલવા કહેતા વિદ્યાર્થીએ આત્મવિશ્વાસપૂર્વક તરત જ ઘડિયા સંભળાવ્યા હતા. વિદ્યાર્થીઓની તૈયારી અને આત્મવિશ્વાસ જોઈ જિલ્લા કલેક્ટરે ખુશી વ્યક્ત કરી હતી તેમજ શિક્ષકોના કાર્યની પ્રશંસા કરી હતી. મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર નીતિન સાગવાને શાળાના વિદ્યાર્થીઓ સાથે જમીન પર બેસીને મધ્યાહ્ન ભોજન પણ લીધું હતું. જિલ્લા કલેક્ટરને પોતાની વચ્ચે જોઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે ધરમપુર તાલુકાના મામલતદાર, ગામના સરપંચ ભાઈજીબેન રમણભાઈ મસ્યા અન્ય સંબંધિત અધિકારીઓ તેમજ શાળાના આચાર્ય અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## બગવાડાની સાર્વજનિક સ્કૂલમાં નોટબુકનું વિતરણ કરાયું




**વાપી, તા.૬ :** પારડી તાલુકાના બગવાડા ખાતે આવેલી શ્રી શેઠ જી.એચ. એન્ડ ડી.જે. સાર્વજનિક હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને વાપી શશીકા દ્વારા ૩૦૦થી વધુ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગત ૨૩ અને ૨૪ જુલાઈના રોજ થયેલા ભારે વરસાદ અને કોલક તથા બિલખાડી નદીઓમાં આવેલા પૂરને કારણે કિનારાના ગામોમાં રહેતા અનેક વિદ્યાર્થીઓના ઘરોમાં પાણી ઘૂસી જતાં તેમની નોટબુક અને પાઠ્યપુસ્તકો ખરાબ થઈ ગયા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વાપી શશીકાના પ્રમુખ દિનેશભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ તેમજ શાળાના ટ્રસ્ટી ઉજેશભાઈ શાહના સહયોગથી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ અલ્પાબેન કે. નાયક, શિક્ષકો તથા શાળા સંચાલક મંડળ દ્વારા શિશિકાને આ કાર્યક્રમ કરવા બદલ અભિનંદન આપ્યા હતા.


**દમણગંગા ટાઈમ્સ**

**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

રાષ્ટ્રીય રસાયણશાસ્ત્ર દિવસ તથા આચાર્ય પ્રફુલ ચંદ્ર રાયની જન્મજયંતિ નિમિત્તે

# વાપીની આર. કે. દેસાઈ કોલેજમાં સાયન્સ મોડેલ મેકિંગ સ્પર્ધા યોજાઈ





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ અંતર્ગત આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ ખાતે રાષ્ટ્રીય રસાયણશાસ્ત્ર દિવસ તથા આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રાયની જન્મજયંતિ નિમિત્તે સાંસ્કૃતિક સમિતિ દ્વારા સાયન્સ મોડેલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રસાયણશાસ્ત્ર અને માઈક્રોબાયોલોજી વિષયક વિવિધ વૈજ્ઞાનિક મોડેલો રજૂ કરી પોતાની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમનું પ્રદર્શન કર્યું હતું.કાર્યક્રમનું સફળ આયોજન અને સંકલન તૃષા દેસાઈ તથા અભિષેક પટેલે કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ડૉ. ગુંજન વશી અને પિયુષ પટેલે કામગીરી સંભાળી હતી. જેમાં રસાયણશાસ્ત્ર વિભાગમાં પ્રથમ ક્રમે કિશન દુબે, પાર્થ કેન્દ્રે અને શ્રીકાંત પાણિગ્રાહી, દ્વિતીય ક્રમે સૃષ્ટિ યાદવ, ઝુબી પટેલ, પૂજા પાસવાન, અર્પિત આર. પટેલ, ધ્રુવ સી. પટેલ, પિંકલ પી. પટેલ, મેહુલ એમ. વાયડા અને હાર્દિક આર. પટેલ તેમજ તૃતીય ક્રમે વૃંદા તલાવિયા, વૃત્તિ રાઠોડ, ઉન્નતિ રાઠોડ, મેહુલ ગુટકા, શિવમ રાજપરા, ક્રિશા પટેલ, કિનલ પટેલ, ઈશા પ્રેસવાલા, મુસ્કાન પટેલ અને હસીના પટેલ વિજેતા બન્યા હતા. અને માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ ક્રમે સ્નેહા સલુંકે, હેતલ પ્રજાપતિ, વિદિક્ષા પટેલ અને શ્રેયા પટેલ, જ્યારે દ્વિતીય ક્રમે આયેશા શેખ, સાજિયા ખાતૂન, બસંતી પ્રજાપતિ, પ્રીતિકુમારી રામ અને કહકશાન ઝિયા વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમના સફળ અયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, ડિરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા ઈનચાર્જ પ્રિન્સિપાલ સુરભિ ચૌધરીએ અને હેડ ડૉ પિંકલ પટેલ, સુષ્મા ગવઈ, ભૂષણ સરોડે અને સર્વ અધ્યાપકો અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, નવીન વિચારશક્તિ અને સંશોધન પ્રત્યેની રૂચિ વિકસાવે છે. અંતે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# જોથાણમાં અવકાશ વિજ્ઞાન અને રોકેટ ટેકનોલોજી અંગે સેમિનાર યોજાયો





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

શ્રીમતી કે.વી. માંગુકિયા વિદ્યાલય-જોથાણ અને જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-સુરતના સંયુક્ત ઉપક્રમે અવકાશ વિજ્ઞાન અને રોકેટ ટેકનોલોજી વિષે માર્ગદર્શન સેમિનાર સ્કૂલ ખાતે આજ રોજ યોજવામાં આવ્યો, આ વિષયના નિષ્ણાંત/વક્તા મનસુખભાઈ નારિયા (જેઓ નિવૃત્ત આચાર્ય અને સ્ટેટ કો-ઓર્ડીનેટર, VVM કાર્યક્રમ, વિજ્ઞાન ગુર્જરી-વિભા) ઉપસ્થિત રહ્યા હતા, તેઓએ ભારતમાં અવકાશ વિજ્ઞાનનો ઈતિહાસ, શરૂઆત, પ્રગતિ અને ભારતના વિકાસ યોગદાન વિષે તેમજ રોકેટ ટેકનોલોજી અને તેના મુખ્ય જનક/રોકેટના વિજ્ઞાન, તેની રચના, કાર્ય સિદ્ધાંતો, ટેકનોલોજી અંગે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.

અત્યારે સમગ્ર વિશ્વમાં ઉપગ્રહો અને રોકેટમાં ભારતની હરણફાળ અંગે બાળકોને માહિતગાર કર્યા હતા અને જી.એન કાકડિયા દ્વારા રોકેટ મોડેલ બનાવવા અને તેને લોન્ચ કરવા અંગેના બીજા તબક્કાના કાર્યક્રમના આયોજન વિષે વિદ્યાર્થીઓને અવગત કર્યા જે ટૂંક સમયમાં યોજાશે, આ કર્યક્રમામ ધી.૯ ના ૧૦૦ જેટલા વિધાર્થીઓ સહભાગી થયા હતા.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન યોજાનાર વિવિધ સ્પર્ધાઓ યોજાનાર છે, તેની માહિતી આપી હતી, VVM કાર્યક્રમ માહિતી અને તેની પત્રિકા/બુક વગેરે શાળાના વિજ્ઞાન શિક્ષક છગનભાઈને અર્પણ કરી હતી.

શાળાના આચાર્ય પદ્માબેન પટેલ અને સંસ્થાના સ્થાપક પ્રમુખ અને ટ્રસ્ટી કાનજીભાઈ બોરડા સાથે નારિયાની મુલાકાત બેઠકમાં પણ આગામી સમયમાં આવા પ્રકારના વિવિધ કાર્યક્રમો યોજવા માટે અંગે ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું, છેલ્લે આ કેમ્પસમાં ચાલતા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર(CSC) વિભાગની મુલાકાત લઈ સાયન્સ મોડેલ મ્યુઝિયમ નિહાળ્યું હતું.

નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC)-૨૦૨૬ માટે નોંધણી પ્રક્રિયા શરૂ

# સ્થાનિક સમસ્યાઓના વૈજ્ઞાનિક ઉકેલો શોધનારા ૨૬ શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય કક્ષાએ પહોંચશે

## ૧૦થી ૧૭ વર્ષના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય વિજ્ઞાન કોંગ્રેસમાં ૧૫ ઓગસ્ટ સુધી નિ:શુલ્ક ઓનલાઈન નોંધણી કરાવી શકશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રાજ્યના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સંશોધન ક્ષમતા અને નવીન વિચારસરણી વિકસે તે હેતુથી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (NCSC)-૨૦૨૬ માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ૧૦થી ૧૭ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે યોજાતો આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કાર્યક્રમ બાળકોને પોતાના વિસ્તારની સમસ્યાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરીને તેના વ્યવહારુ ઉકેલો રજૂ કરવાની અનોખી તક આપે છે. આ વર્ષે કોંગ્રેસની મુખ્ય થીમ Science and Innovation for Sustainability રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓ કચરા વ્યવસ્થાપન, ઊર્જા, જળ સંરક્ષણ, ખોરાક, કૃષિ, આરોગ્ય, ભારતીય જ્ઞાન પરંપરા જેવા પાંચ મહત્વના વિષયોમાં પ્રોજેક્ટ તૈયાર કરી શકશે. ધોરણ ૬થી ૧૨માં અભ્યાસ કરતા તેમજ શાળાની બહારના ૧૦થી ૧૭ વર્ષના વિદ્યાર્થીઓ પણ માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ બે સભ્યોની ટીમ બનાવી ભાગ લઈ શકશે. જિલ્લા કક્ષાએ પસંદગી પામેલા શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ રાજ્ય કક્ષાએ અને ત્યાંથી ૨૬ શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે નોંધણી સંપૂર્ણપણે નિ:શુલ્ક રાખવામાં આવી છે. ઓનલાઈન નોંધણી માટેની છેલ્લી તારીખ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ છે.ગુજકોસ્ટ દ્વારા નવીન અને ઉપયોગી પ્રોજેક્ટ્સને Intellectual Property Facilitation Centre (IPFC) મારફતે પેટન્ટ, ડિઝાઈન અને કૉપિરાઈટ જેવી બૌદ્ધિક સંપદા સુરક્ષા મેળવવામાં પણ સહાય પૂરી પાડવામાં આવશે. રાજ્યની તમામ શાળાઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે અપીલ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, ભારત સરકારના NCSTCના માર્ગદર્શન હેઠળ યોજાતા આ કાર્યક્રમમાં ગુજકોસ્ટ એ ગુજરાતમાં રાજ્યમાં કો-ઓર્ડિનેટર તરીકે આયોજન કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૪થી રાજ્યમાં જિલ્લા અને રાજ્યકક્ષાએ યોજાતા આ કાર્યક્રમથી હજારો વિદ્યાર્થીઓએ સંશોધન આધારિત પ્રોજેક્ટ્સ રજૂ કરીને પોતાની વૈજ્ઞાનિક પ્રતિભા સાબિત કરી છે.


**દમણગંગા ટાઈમ્સ**


દર શુક્રવારે પ્રકાશિત થતાં વિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન શિક્ષકો, વિદ્યાર્થીઓ કે અન્ય જીજ્ઞાસુઓ વિજ્ઞાન વિષયક સમાચારો, પોતાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના ટૂંકા લેખો, સાયન્સ પ્રોજેક્ટ કે જનરલ નોલેજની વિગતો પોતાના નામ-સરનામા સાથે લખીને મોકલી શકે છે.

**સંપર્કઃ સંપાદક, દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ**
**ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી**

# ફાલકોન-૯ની ચન્દ્ર સાથે ટક્કર

## રોકેટ ચંદ્રની સપાટી સાથે ચંદ્રના પશ્ચિમી ભાગમાં આઈન્સ્ટાઈન ક્રેટરની નજીક ટકરાયું ટકરાવથી ચંદ્રની સપાટી પર૨૭ મીટર (૯૦ ફૂટ) પહોળો અને ઊંડો નવો ખાડો પડી ગયો : ૧૦૦ કિમી સુધી ઊંચાઈસુધી ધૂળનો ગુબ્બારો ઉડ્યો







**આમ** તો બ્રહ્માંડમાં અનેક અવકાશી પદાર્થો ઘુમતા હોય છે. પૃથ્વી પરથી છોડેલા અવકાશીયાનોનો ભંગાર ટુકડાઓ પણ બ્રહ્માંડમાં ગોળ ગોળ ઘુમતા હોય છે. આ ભ્રમણ દરમિયાન ક્યારેક આ અવકાશી ઉપડાવો એકબીજા સાથે ધડાકાભેર અથડાતા પણ હોય છે.

આ વખતે રોકેટના એક ટુકડા ની ચંદ્રની સપાટી સાથે ધડાકાભેર અથડાવાની ઘટના સામે આવી છે

હા,નિર્માતા કંપની સ્પેસએક્સનું વિશ્વની સૌથી શક્તિશાળી રોકેટ ફાલકોન ૯રોકેટ બુધવાર, ૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ચંદ્રની સપાટી સાથે ચંદ્રના પશ્ચિમી ભાગમાં આઈન્સ્ટાઈન ક્રેટરની નજીક ટકરાયું છે.અંદાજે ચાર ટન (૪,૦૦૦ કિલોગ્રામ) વજન ધરાવતું અનિયંત્રિત અપર સ્ટેજ (સ્પેસ જંક) રોકેટનો ટુકડો બુધવારે (૫ ઓગસ્ટ, ૨૦૨૬) નક્કી કરાયેલા સમયે ચંદ્રની સપાટી પર ધડાકાભેર ટકરાયું હોવાની વૈજ્ઞાનિકો દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે.તે ટકરાયું ત્યારે તેની ઝડપ લગભગ૮,૬૯૦ કિમી/કલાક(અંદાજે ૨.૪ કિમી/સેકન્ડ)ની ઝડપ હતી.તે અથડામણથી ચંદ્રની સપાટી પર આ ટકરાવથી ચંદ્રની સપાટી પર અંદાજે ૨૭ મીટર (૯૦ ફૂટ) પહોળો અને ઊંડો નવો ખાડો (ક્રેટર) બનવાનો અંદાજ છે.

રોકેટનો આ ટુકડો ચંદ્રની સપાટી સાથે ટકરવાથી ધૂળનો ગુબ્બારો ઉડ્યો હતો.

અથડામણથી ચંદ્રની સપાટી પરથી ધૂળ અને મલબો ઉછળીને ૧૦૦ કિમી સુધી ઊંચાઈ સુધી ફેલાયો હતો. ટક્કર બાદ સોડિયમ અને લિથિયમ ગેસ તેમજ ચંદ્રની માટીની રજકણોથી બનેલો એક વિશાળ ધૂળનો પ્લૂમ (plume) આકાશમાં ફેલાયો હતો, જેને ધરતી પરની કેટલીક વેધશાળાઓએ ટેલિસ્કોપ દ્વારા નોંધી લીધો હતો.જોકે આ ઘટનાથી પૃથ્વીને કોઈ જોખમ નથી; અથડામણ ચંદ્ર પર થઈ છે અને તેનાથી પૃથ્વીની કક્ષા કે વાતાવરણ પર અસર થતી નથી.જોકે આ ઘટના પૃથ્વી પરથી નરી આંખે જોઈ શકાઈ નહોતી કારણે કે કોઈ ખાસ સાધનો વગર જોવી અત્યંત મુશ્કેલ હતી.

**રોકેટ પૃથ્વી પર પડવાને બદલે ચંદ્ર પર કેમ ક્રેશ થયું ?**

સામાન્ય રીતે કોઈ પણ રોકેટ સેટેલાઈટ અથવા પેલોડને અંતરિક્ષની ચોક્કસ કક્ષામાં પહોંચાડ્યા બાદ તેના અલગ થયેલા ભાગો પૃથ્વીના વાતાવરણમાં પુન:પ્રવેશ કરતી વખતે ઘર્ષણને કારણે સળગી જાય છે અથવા સમુદ્રમાં સુરક્ષિત રીતે ખાબકે છે.

જોકે જાન્યુઆરી ૨૦૨૫ના આ ખાસ લૂનર લેન્ડર મિશન માટે પૃથ્વીની નજીકની કક્ષાઓના મિશન કરતાં વધુ થ્રસ્ટની જરૂરિયાત હતી. આ કારણોસર રોકેટનો બીજો તબક્કો પૃથ્વી તરફ પાછો ફરવાને બદલે અંતરિક્ષના ઊંડાણમાં જ રહી ગયો હતો. તે છેલ્લા એક વર્ષથી અંતરિક્ષમાં ભટકતા હજારો અન્ય કચરાના ટુકડાઓની જેમ કોઈ પણ ચોક્કસ દિશા વગર ભ્રમણ કરી રહ્યો હતો.

આ વર્ષની શરૂઆતમાં વિજ્ઞાનીઓના ધ્યાને આવ્યું કે આ રોકેટ સ્ટેજનો તમામ બળતણનો જથ્થો સંપૂર્ણપણે ખતમ થઈ ચૂક્યો છે અને હવે તેને પૃથ્વી પરથી કંટ્રોલ કરવો અશક્ય છે. વધુ ગણતરીઓ કરતા માલૂમ પડ્યું કે આ ટુકડો એવા ઓર્બિટલ રૂટ પર આગળ વધી રહ્યો હતો જેનો અંત સીધો ચંદ્રની સપાટી પર જ થાય છે. પરિણામે તેની ચંદ્ર સાથેની આ ટક્કર હવે અનિવાર્ય બની ચૂકી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ફાલ્કન ૯નો ઉપરનો ભાગ લગભગ ૧૮ મહિના અગાઉ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ફ્લોરિડાથી લોન્ચ કરવામાં આવ્યો હતો, જે બે લુનર લેન્ડર (ફાયરફલાય એરોસ્પેસનો 'બ્લૂ ગોસ્ટ-૧' અને ઈસ્પેસનો 'હકુટો-આર મિશન ૨') ને ચંદ્ર તરફ લઈ જઈ રહ્યો હતો.મિશન પૂર્ણ થયા બાદ આ ઉપરનો ભાગ અવકાશમાં ભટકતો રહ્યો. ૧૮ મહિના દરમિયાન પૃથ્વી, ચંદ્ર અને સૂર્યના ગુરુત્વાકર્ષણના કારણે તેનો માર્ગ ધીમે ધીમે બદલાયો અને અંતે ચંદ્ર સાથે અથડાયો. ગુરુત્વાકર્ષણ અને સૌર ગતિવિધિઓને કારણે તે ચંદ્ર તરફ ધકેલાયું હતું.

આ ઘટના પછી NASA અને અન્ય અંતરીક્ષ એજન્સીઓ હવે Lunar Reconnaissance Orbiter જેવા ઓર્બિટર દ્વારા આ પ્રહારની જગ્યાનો અભ્યાસ કરી રહી છે જેથી ચંદ્રની આંતરિક સપાટી અને માટીની ગતિશીલતા વિશે વધુ જાણી શકાય.આ અથડામણ ની ઘટના વિજ્ઞાનિક દ્રષ્ટિએ વૈજ્ઞાનિકો માટે ઉપયોગી છે.ચંદ્રની સપાટીની રચના, ઈમ્પેક્ટ પ્રક્રિયા અને ભવિષ્યના ચંદ્ર મિશન (જેમ કે આર્ટેમિસ) માટેની માહિતી મેળવવામાં મદદ મળશે.



**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**

૧૮ મહિના સુધી પૃથ્વી-ચંદ્ર-સૂર્યના ગુરુત્વાકર્ષણને કારણે આ ટુકડાનો માર્ગ કેવી રીતે બદલાયો, તે અભ્યાસ માટે મહત્ત્વનો છે. આટલી ઝડપે અથડામણથી થતી ઊર્જા મુક્તિ ચંદ્રની સપાટીની ઘનતા, પદાર્થની રચના અને ઈમ્પેક્ટ મોડેલો ચકાસવા માટે ઉપયોગી બને છે.

એ ઉપરાંત ચંદ્રની રેગોલિથ (સપાટીની માટી/ધૂળ), ઉછળેલી ધૂળ કેટલી દૂર ગઈ, કેટલા સમય સુધી રહી અને તેનું કદ વિતરણ કેવું હતું? આ ડેટા ચંદ્રની સપાટીની ભૌતિક ગુણધર્મો (જેમ કે કણનું કદ, સંકોચનક્ષમતા) સમજવામાં મદદરૂપ થશે. સાથે સાથે ભવિષ્યમાં ચંદ્ર પર ઉતરાણ કરનારા મિશનો માટે ધૂળ ઉડવાની તીવ્રતા અને અંદાજિત અસરો જાણવી મહત્ત્વની બની રહેશે આ અકસ્માત એક પ્રકારનું નેચરલ એક્સપેરિમેન્ટ બની રહેશે

**ઈતિહાસ**

ચંદ્ર પર માનવસર્જિત વસ્તુઓનો ઈતિહાસ ૧૯૫૦ના દશકાના અંતથી શરૂ થાય છે અને તેમાં રોકેટ સ્ટેજ, લેન્ડર, રોવર, વૈજ્ઞાનિક ઉપકરણો અને અવકાશીય મલબોનો સમાવેશ થાય છે. ચંદ્ર પરના કૃત્રિમ પદાર્થોનો સંગ્રહકુલ અંદાજિત દળ જોઈએ તો ચંદ્રની સપાટી પર માનવજાતે ૧૮૭,૪૦૦ કિલોગ્રામ (૪૧૩,૧૦૦ પાઉન્ડ) થી વધુ સામગ્રી છોડી છે;

કેટલાક સ્રોતો મુજબ કુલ અંદાજિત દળ ૨૧૮,૮૨૯ કિલોગ્રામ પણ જણાય છે. આમાં અપોલો મિશનના લુનર મોડ્યુલના નીચલા ભાગ (Descent Stage), સર્વેયર લેન્ડર, લુના ઓર્બિટર, રેન્જર પ્રોબ, ચીનના ચાંગએ મિશનના લેન્ડર, ભારતના ચંદ્રયાન-૨ વિક્રમ લેન્ડર (અથડામણ) અને જૂના રોકેટના ઉપલા ભાગો (જેમ કે સેટર્ન સ્ના S-IVB તૃતીય સ્ટેજ) સામેલ છે.

**ભવિષ્યના ચંદ્ર મિશન માટે ઉપયોગી અભ્યાસ**

ભવિષ્યના ચંદ્ર મિશન માટે આવી ઘટનાઓ મહત્વની છે.ભવિષ્યના ચંદ્રયાનની સફળ લેન્ડિંગ, નમૂના-પરત મિશન અને માનવયુક્ત પરિક્રમા જેવી ઘટનાઓ મહત્વપૂર્ણ રહેશે.એ ઉપરાંત સોફ્ટ લેન્ડિંગની વિશ્વસનીયતા ચકાસવા ચંદ્રની ધૂળ, ખાડાઓ, ઊંચા-નીચા ભપ્રદેશ અને સંચાર વિલંબ વચ્ચે સુરક્ષિત ઉતરાણ કરવાની ક્ષમતા વિશે અભ્યાસ કરવાની તક મળશે

એ ઉપરાંત ચંદ્રના નમૂનાઓનું વિશ્લેષણ કરવા માટે ચંદ્રયાન-૪ જેવા મિશન ચંદ્રની માટી અને ખડકો પૃથ્વી પર લાવવાની દિશામાં અભ્યાસ થઈ શકે છે.

આવા નમૂનાઓથી ચંદ્રની ઉત્પત્તિ, ભૂગર્ભીય ઈતિહાસ અને સંસાધનો વિશે વધુ ચોક્કસ માહિતી મળી શકે છે. દક્ષિણ ધ્રુવ પર અહીં કાયમી છાયાવાળા ખાડાઓમાં પાણીના બરફના સંકેતો છે. પાણી ભવિષ્યમાં પીવાનું પાણી, ઓક્સિજન અને હાઈડ્રોજન ઈંધણ મેળવવા ઉપયોગી બની શકે છે.

આગળ માનવ મિશન માટે તૈયારી થશે ત્યારે માનવયુક્ત પરિક્રમા મિશન જીવન-સહાયક પ્રણાલી, કિરણોત્સર્ગ સુરક્ષા, સંચાર અને અંતરિક્ષયાત્રીઓના સ્વાસ્થ્યનું પરીક્ષણ કરે છે. આવા મિશનો ભવિષ્યમાં ચંદ્ર પર માનવ ઉતરાણ અને આધારસ્થાન બનાવવાની દિશામાં માર્ગ મોકળો કરશે

વધુમાં ચંદ્ર પરથી પરત ફરવાની ટેક્નોલોજી માટે ઉપયોગી થશે.ચંદ્રની સપાટી પરથી ઉડાન ભરીને પૃથ્વી પર પાછા આવવું લેન્ડિંગ કરતાં વધુ જટિલ છે. આ ક્ષમતા નમૂના-પરત મિશન અને ભવિષ્યના માનવ મિશન માટે અનિવાર્ય છે. ચંદ્રયાન-૩ના હોપ પ્રયોગે પણ આવી પરત-ફરવાની શક્યતાઓ માટે મહત્વપૂર્ણ અનુભવ આપ્યો હતો.

ચંદ્ર પૃથ્વીથી નજીક હોવાથી ત્યાં લાંબા સમય રહેવાની વ્યવસ્થા, સંસાધનનો ઉપયોગ અને જોખમ વ્યવસ્થાપનનું પરીક્ષણ મંગળ પહેલાં કરી શકાય છે. નિયમિત મિશનો ભવિષ્યમાં સંશોધન કેન્દ્રો, રોવર, સંચાર નેટવર્ક અને સંભવિત ચંદ્ર આધારસ્થાનો સ્થાપિત કરવા જરૂરી પાયો તૈયાર કરવામાં ઉપયોગી થશે.

અર્થાત્, આ ઘટનાઓ માત્ર અલગ-અલગ સફળતાઓ નથી; તે ચંદ્ર પર લાંબા ગાળાના વૈજ્ઞાનિક સંશોધન, સંસાધન ઉપયોગ અને માનવ વસવાટ તરફ આગળ વધતી એક ક્રમબદ્ધ શૃંખલા છે.

# નવસારી કૃષિ વિજ્ઞાન પૂર સમયમાં દ.ગુ.ના ખેડૂતોની મદદે

## ભારે વરસાદમાં બાગાયતી વૃક્ષો જમીનદોસ્ત થયા છે? તો હવે નિરાશ થવાની જરૂર નથી : ધરાશાયી થયેલા બાગાયતી પાકને ફરી બેઠા કરવા કૃષિ વૈજ્ઞાનિકોની ટીમો ખેડૂતોના ખેતરોમાં જઈને પ્રત્યક્ષ તાલીમ આપી રહી છે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

દક્ષિણ ગુજરાતમાં કુદરતી આફત અને ભારે વરસાદને કારણે લીલીછમ વાડીઓમાં વર્ષોની મહેનતથી ઉછેરેલી બાગાયતી કલમો અને વૃક્ષો જમીનદોસ્ત થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. જોકે, આ કટોકટીના સમયે ખેડૂતોએ નિરાશ થવાની જરૂર નથી. જમીનદોસ્ત થયેલા કે નમેલા વૃક્ષોના મૂળ જો હજુ પણ જમીન સાથે જોડાયેલા હોય, તો વિજ્ઞાન અને યોગ્ય માવજત દ્વારા તેમને ફરી પુનર્જીવિત કરી શકાય છે. ખેડૂતોની વર્ષોની મહેનત પાણીમાં ન જાય તે માટે રાજ્ય સરકાર અને કૃષિ વિજ્ઞાન તાત્કાલિક ધોરણે ખેડૂતોની વહારે આવ્યા છે.

કૃષિ નિષ્ણાતોના મતે, જો જમીનદોસ્ત થયેલી કલમો કે નમેલા વૃક્ષોના મૂળ હજુ પણ જમીન સાથે જોડાયેલા હોય, તો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા તેમને ફરી જીવંત કરવા શક્ય છે. આ વૈજ્ઞાનિક અભિગમ ધ્યાનમાં રાખીને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ બાગાયત વિભાગના અધિકારીઓ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને તાત્કાલિક ધોરણે અસરગ્રસ્ત ગામોની રૂબરૂ મુલાકાત લઈ,





ખેડૂતોને આ કલમો પુનર્જીવિત કરવાની પ્રત્યક્ષ તાલીમ આપવાના આદેશ આપ્યા છે.

કૃષિ મંત્રીશ્રીના આદેશના પગલે પાણી ઓસરવાની રાહ જોયા વિના, ગત શુક્રવારથી ચાલુ વરસાદ વચ્ચે પણ બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની સંયુક્ત ટીમો ખેડૂતોના ખેતર સુધી પહોંચી રહી છે. હાલમાં વલસાડ, નવસારી, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં વૈજ્ઞાનિકો પ્રત્યક્ષ ડેમોન્સ્ટ્રેશન આપીને ખેડૂતોને ધરાશાયી થયેલા વૃક્ષોને ફરી જીવિત કરવાની અને તેની માવજત અંગેની તાલીમ આપી રહ્યા છે.

નવસારીના ઘેજ ગામના પ્રગતિશીલ ખેડૂત મોહનભાઈ પટેલે પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, તાઉતે વાવાઝોડા વખતે મારી વાડીમાં નાના-મોટા અનેક આંબા ધરાશાયી થયા હતા. તે સમયે બાગાયત વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ મેં આ ઝાડોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામે ૭૦ થી ૮૦ ટકા જેટલા જમીનદોસ્ત થયેલા આંબા ફરી બેઠા થઈ ગયા હતા અને આજે તો એ ઓળખવા પણ મુશ્કેલ છે કે કયા ઝાડ પડી ગયા હતા. પૂર કે વાવાઝોડાથી હારી ગયા વગર જો ખેડૂતો આ વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવે, તો વર્ષોની મહેનતથી ઉછેરેલા બાગાયતી પાકને ચોક્કસપણે બચાવી શકાય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

નવસારી કૃષિ યુનિવર્સિટીના સહસંશોધન વૈજ્ઞાનિક ડૉ. અંકુર પટેલે ખેડૂતો જાતે જ પોતાના બાગાયતી પાકને બચાવી શકે તે માટે ચાર તબક્કાની સરળ વૈજ્ઞાનિક પદ્ધતિ દર્શાવી છે.

**૧. વરસાદમાં આડી પડી ગયેલી કલમને ઊભી કેવી રીતે કરવી?**

જમીનદોસ્ત થયેલી કલમોને અચાનક કે જોરથી ઊભી કરવાનો પ્રયાસ ન કરવો; તેનાથી મૂળ તૂટી જવાનો ભય રહે છે. કલમને અત્યંત ધીમે-ધીમે ઊભી કરવી, થોડી ઊભી કર્યા બાદ ૧૦ સેકન્ડનો વિરામ લેવો અને ત્યારબાદ ફરી -યાસ કરવો.

**૨. ડાળીઓની છાંટણી (પ્રુનિંગ) કરવી**

પૂરને કારણે વૃક્ષને ઈજા થઈ હોય છે, તેથી તેના ખોરાકનો વપરાશ ઘટાડવો જરૂરી છે. આ માટે લાંબી અને નમી ગયેલી ડાળીઓ કાપી નાખવી અને માત્ર મર્યાદિત પાંદડાં રહેવા દેવાં. ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે કાપેલી ડાળીઓ પરથી ટૂંક જ સમયમાં નવી ફૂટ નીકળશે.

**૩. ફૂગનાશક પેસ્ટનો ઉપયોગ**

જેટલી ડાળીઓ કાપેલી હોય તેના ખુલ્લા ભાગ પર કોપર ઓક્સિક્લોરાઈડ (COC)ની પેસ્ટ લગાવવી. આ પેસ્ટમાં રહેલું ઓક્સિઝન તત્ત્વ ડાળીને સડતી અટકાવશે અને નવી ફૂટ નીકળવામાં મદદરૂપ થશે.

**૪. જમીન અને મૂળની સારવાર (ડ્રેન્ચિંગ)**

પૂરના પાણીને કારણે ચોમાસામાં છાણિયા ખાતરનો ઉપયોગ ટાળવો અને તેના બદલે ૧ કિલો વર્મી કમ્પોસ્ટમાં ૫૦ ગ્રામ કાર્બેન્ડાઝીમ પાવડર મિક્સ કરવો. આ મિશ્રણને ૪-૫ દિવસ પલટાવતા રહીને તૈયાર કરવું અને ત્યારબાદ થળની આસપાસ માટી ખોતરીને દાટી દેવું. મૂળને કોહવાટ ન લાગે તે માટે ટ્રાયકોડર્મા વિરિડીનું ડ્રેન્ચિંગ કરવું. ૨૦૦ લિટર પાણીમાં ૧ કિલો ટ્રાયકોડર્મા અને ૨ કિલો યુરિયા ભેળવવું. યુરિયા ઉમેરવાથી છોડ ટ્રાયકોડર્માને ઝડપથી શોષી લે છે. દરેક કલમ દીઠ ૧ લિટર આ મિશ્રણ આપવું અને મહિનામાં બે થી ત્રણ વાર આ પ્રક્રિયા કરવી.

**ભારે વરસાદમાં બાગાયતી પાકને નુકસાનથી કેવી રીતે બચાવવો?**

નવસારી કૃષિ યુનિવર્સિટીના સહસંશોધન વૈજ્ઞાનિકના જણાવ્યા મુજબ, ચોમાસા પહેલાં નદી કે નાળાના પાણીના પ્રવાહની દિશાને ધ્યાનમાં રાખીને કલમોની આસપાસ ઓછામાં ઓછા બે ફૂટ ઊંચા પાળા બનાવવા જોઈએ. આ પાળા પાણીના વહેણમાં કલમને બચાવે છે અને તેને મજબૂતાઈ આપીને ધરાશાયી થતાં બચાવે છે.

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 07, August 2026

DGT

આપનું અખબાર : આપનો અવાજ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૦૩૯૨૬૯

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in


ગ્રામ્ય વિકાસને મળશે નવી દિશા

## ઉમરગામમાં ચૂંટાયેલા ગ્રામ્ય પ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** ઉમરગામમાં ચૂંટાયેલા ગ્રામ્ય પ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો ઉમરગામેં રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત તાલુકા પંચાયત ઉમરગામ દ્વારા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના માર્ગદર્શન તથા રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન, અમદાવાદના સહયોગથી યોજવામાં આવ્યો હતો. તાલીમ દરમિયાન પંચાયતી રાજ વ્યવસ્થા, ગ્રામ વિકાસ યોજનાઓના અસરકારક અમલીકરણ, નાણાકીય વ્યવસ્થાપન, પારદર્શિતા, જવાબદારી અને સુશાસન જેવા મહત્વપૂર્ણ વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય સ્વરાજને વધુ મજબૂત બનાવી ચૂંટાયેલા પ્રતિનિધિઓની કાર્યક્ષમતામાં વધારો કરવાનો તેમજ ગામડાંમાં વિકાસલક્ષી યોજનાઓનો અસરકારક અમલ અને સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી સરળતાથી પહોંચે તે માટે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

## ધોડીપાડામાં શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ યોજાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** ઉમરગામ તાલુકાના ધોડીપાડા ખાતે સર્વ પિતૃઓના મોક્ષાર્થે પિતૃપક્ષ નિમિત્તે તા. ૧૩ ઓગસ્ટથી ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ભવ્ય શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કથાવાચક તરીકે આંતરરાષ્ટ્રીય કથાકાર પ.પૂ. પ્રફુલ્લભાઈ શુક્લ કથાનું રસપાન કરાવશે. કથાના પ્રથમ દિવસે તા. ૧૩ ઓગસ્ટે બપોરે ૧૨ વાગ્યે વિવિધ ગામોમાંથી ૧૦૮ પોથીયાત્રા ભજન-કીર્તન સાથે ભવ્ય શોભાયાત્રા સ્વરૂપે કથા સ્થળે પહોંચશે. આ પોથીયાત્રા ધારાસભ્ય રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં નીકળશે. કથાનું આયોજન સાંસ્કૃતિક વિકાસ હોલ, ધોડીપાડા, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે કરવામાં આવ્યું છે. દરરોજ કથા વિરામ બાદ મહાપ્રસાદનું આયોજન પણ રહેશે. આ ધાર્મિક મહોત્સવના આયોજક ધારાસભ્ય રમણલાલ પાટકર છે, જ્યારે કથાના કન્વીનર વિજયભાઈ રમણલાલ પાટકર છે. આયોજકો દ્વારા તમામ ધર્મપ્રેમી ભક્તજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવાયું છે. કથામાં પોતાના પિતૃઓના ફોટા મુકાવવા ઈચ્છુક ભક્તો આયોજકોનો મો. ૯૮૨૫૧ ૦૮૧૦૧ પર સંપર્ક કરી શકે છે.

## શ્રાવણ સોમવારે હુમરણના શ્રી અમર કંઠક મહાદેવ મંદિરે ભક્તોનો જનસાગર

### ઉમરગામ, વાપી સહિત દક્ષિણ ગુજરાતમાંથી હજારો શિવભક્તો કાવડયાત્રા સાથે પહોંચ્યા; પુલ બંધ હોવા છતાં આસ્થામાં ઘટાડો નહીં





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** ઉમરગામ તાલુકાના હુમરણ સ્થિત હજારો શ્રદ્ધાળુઓની આસ્થાના પ્રતિક એવા શ્રી અમર કંઠક મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસના સોમવાર નિમિત્તે ભક્તોનો વિશાળ જનસાગર ઉમટી પડ્યો હતો. ઉમરગામ, વાપી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી હજારો શિવભક્તો કાવડયાત્રા સાથે બોલ બમના જયઘોષ વચ્ચે ભગવાન મહાદેવના દર્શન અને જળાભિષેક માટે મંદિરે પહોંચ્યા હતા. ધોધમાર વરસાદને કારણે સંજાણ-હુમરણને જોડતો પુલ અવરજવર માટે બંધ હોવાથી ભક્તોએ સોળસુંબા-ગંગાદેવી માર્ગે લાંબો ચકરાવો કરીને મંદિર સુધી પહોંચવું પડ્યું હતું. તેમ છતાં શિવભક્તોની આસ્થા અને ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નહોતો. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી.

સમગ્ર વિસ્તાર હર હર મહાદેવ અને બોલ બમના ગુંજતા જયઘોષથી ભક્તિમય બની ગયો હતો. શ્રાવણ માસના પવિત્ર સોમવારે મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન શિવની પૂજા-અર્ચના કરી પરિવારના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના અર્પી હતી.

વલસાડ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા

## ભીલાડની નવીનગરી પ્રા. શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** આજરોજ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ વલસાડ જિલ્લા દ્વારા ભીલાડ તળાવપાડા પ્રાથમિક શાળા, નવીનગરી ખાતે પૂરગ્રસ્ત પરિવારોને રાહતરૂપે તાડપત્રી, ધાબળા તેમજ નોટબુક પેન્સિલ સંચા રબડ સેટનું વિતરણ કરવામાં આવ્યું. આ સેવા કાર્ય દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ, વલસાડ જિલ્લા ઉપપ્રમુખ અંકિતભાઈ શાહ, ઉમરગામ પ્રખંડ સહમંત્રી હિતેશભાઈ પૂનમિયા, હિંસા નિવારણ સંઘના ઉપપ્રમુખ કૈલાશભાઈ શાહ, ભીલાડના પૂર્વ ડેપ્યુટી સરપંચ રાજેશભાઈ નાવી તેમજ ભીલાડ પંચાયતના સભ્ય કપિલભાઈ જાદવ ઉપસ્થિત રહી પૂરગ્રસ્ત પરિવારોને સહાય પહોંચાડી હતી.

ખાસ કરીને જેમના કાચા મકાનોને ભારે નુકસાન થયું હતું તેવા પરિવારોને વિશેષ પ્રાથમિકતા સાથે તાડપત્રીનું વિતરણ કરવામાં આવ્યું, જેથી તેઓને તાત્કાલિક આશ્રય મળી રહે.

રાહત સામગ્રી પ્રાપ્ત કરતાં અનેક માતા બહેનો ભાવુક બની ગયા હતા અને તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા.

તેમણે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળના તમામ કાર્યકર પદાધિકારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર સેવા કાર્યનો મુખ્ય હેતુ પૂરગ્રસ્ત પરિવારોને મુશ્કેલીની આ ઘડીમાં સહાય અને માનવીય સંવેદનાનો સહારો પૂરો પાડવાનો હતો.

## વેવજીગામમાં પૂરગ્રસ્ત પરિવારોને ચિંતન શાહ અને ટીમે રાહત પહોંચાડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** ગુજરાતના ઉમરગામ તાલુકાને અડીને આવેલા મહારાષ્ટ્રના વેવજી ગામમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે અંદાજે ૧૩૫ જેટલા પરિવારોના ઘરોને ભારે નુકસાન થયું છે. અનેક પરિવારોના રહેઠાણો અસરગ્રસ્ત બનતાં તેઓ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. ગુજરાતની સરહદને અડીને આવેલું ગામ હોવાથી સહાય માટે ગુજરાતના સેવાભાવીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ અપીલને તાત્કાલિક પ્રતિસાદ આપતાં ચિંતન શાહ અને તેમની ટીમે વેવજી ગામમાં પહોંચી તરપાલ, પતરાં સહિતની જરૂરી રાહત સામગ્રીનું વિતરણ કરીને અસરગ્રસ્ત પરિવારોને મહત્વપૂર્ણ સહયોગ પૂરો પાડ્યો હતો.

વેવજી ગ્રામ પંચાયતના સરપંચ સંજય ઈબાળેએ જણાવ્યું હતું કે ગામમાં હજુ પણ અનેક પરિવારોને વિવિધ પ્રકારની સહાયની જરૂરિયાત છે. તેમણે સેવાભાવી વ્યક્તિઓ, સામાજિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો અને દાતાશ્રીઓને ગામની મુલાકાત લઈને પોતાની ક્ષમતા મુજબ રાહત અને પુનઃસ્થાપન કાર્યમાં સહભાગી બનવાની અપીલ કરી હતી.સરપંચ સંજય ઈબાળેએ ચિંતન શાહ, તેમની સમગ્ર ટીમ તેમજ સહયોગ આપનાર કંપનીઓ અને ઉદ્યોગગૃહોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આપત્તિના સમયે મળેલો સમયસરનો સહયોગ અનેક પરિવારો માટે આશીર્વાદરૂપ બન્યો છે અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. માનવતા કોઈ સરહદ ઓળખતી નથી માનવતા કોઈ સરહદ કે રાજ્યના નકશા નથી ઓળખતી. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદો ભલે નકશા પર બે રાજ્યોને અલગ કરતી હોય, પરંતુ સંવેદના, પ્રેમ અને સેવાભાવની વાત આવે ત્યારે આ સરહદો અદ્રશ્ય બની જાય છે. આપણી સંસ્કૃતિ અને પરંપરા એ શીખવે છે કે માણસાઈનો કોઈ પ્રાંત નથી—તેનો એક જ ધર્મ છે, વસુધૈવ કુટુંબકમ્. મદદનો હાથ લંબાવતી વખતે માત્ર માણસાઈ જ જોવામાં આવે છે, રાજ્યનું નામ નહીં. સરહદો જમીનના ટુકડા કરી શકે છે, પરંતુ માનવીય લાગણીઓ અને સંવેદનાઓને ક્યારેય વહેંચી શકતી નથી. વેવજી ગામમાં ગુજરાતના સેવાભાવીઓ દ્વારા પહોંચાડાયેલી રાહત સામગ્રી એ જ માનવતાના આ અમૂલ્ય સંદેશને વધુ મજબૂત બનાવે છે.

કલગામ હનુમાન મંદિર ટ્રસ્ટનો સેવા યજ્ઞ

## ખતલવાડના પૂરગ્રસ્ત પરિવારોને અનાજ કીટનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** ઉમરગામ તાલુકાના ખાતલવાડ ગામમાં તાજેતરના પૂરથી અસરગ્રસ્ત પરિવારોને સહાયરૂપ બનવા કલગામ હનુમાન મંદિર ટ્રસ્ટ દ્વારા અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ પરિવારો સુધી જીવનજરૂરી સામગ્રી પહોંચાડી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું. આ પ્રસંગે ખાતલવાડના સરપંચ સુરેન્દ્રભાઈ, હનુમાન મંદિર ટ્રસ્ટના પ્રમુખ ઠાકોરભાઈ, ટ્રસ્ટી રસિકભાઈ વકીલ, રાયચંદભાઈ, વડીલ વાસુભાઈ પટેલ, મંદિરના મહારાજ રાજુભાઈ ગોસ્વામી, કેવિન ગોસ્વામી તથા આકાશ ગોસ્વામી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટ અર્પણ કરી સમાજસેવા અને માનવતાનો સંદેશ આપ્યો હતો.

## ઉમરગામ બ્રહ્મસમાજ દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને રાશન કિટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** તાજેતરમાં ઉમરગામ તાલુકામાં થયેલી અતિવૃષ્ટિથી અનેક પરિવારોને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. અનેક લોકો ઘરવિહોણા બન્યા હતા તેમજ ઘરવખરી, અનાજ અને કપડાં સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ પાણીમાં તણાઈ ગઈ હતી. આ પરિસ્થિતિમાં ઉમરગામ બ્રહ્મસમાજે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં અસરગ્રસ્ત પરિવારો માટે બીજી વખત રાહત અભિયાન હાથ ધર્યું. બ્રહ્મસમાજના આગેવાનો અને સભ્યો દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જરૂરિયાતમંદ પરિવારોને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ જરૂરિયાત મુજબ કપડાં પણ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બ્રહ્મસમાજના પ્રતિનિધિઓએ પ્રાર્થના વ્યક્ત કરી હતી કે, કુદરતી આફતથી પ્રભાવિત તમામ પરિવારોનું જનજીવન ઝડપથી ફરી રાબેતા મુજબ શરૂ થાય અને તેમના ઘરોમાં ફરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ સ્થાપિત થાય.

## રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા પૂરગ્રસ્તને રાહત કીટનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** તાજેતરની અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવાના હેતુથી રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા ખતલવાડા, ભાઠીકરમબેલી, હુમરણ, સરીગામ તથા સરઈ ગામોમાં કુલ ૩૫૦ રાહત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.રોટરી ક્લબ ઓફ સરીગામના સેક્રેટરી રોટે. જૈવિક પટેલ, રોટે. ડો. આશિષ આરેકર, રોટે. ભાવીનભાઈ તથા રોટે. સુભાષ પટેલ ગામે-ગામ જઈને અસરગ્રસ્ત પરિવારો સુધી રાહત કીટ પહોંચાડી હતી. સમગ્ર વિતરણ કાર્યક્રમ રોટે. ડો. નીરવ શાહના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. રોટરી ક્લબની આ સેવાકીય પહેલને સ્થાનિક ગ્રામજનોએ આવકારી સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો.

સુપરટેક ઈન્ડસ્ટ્રિયલ પાર્ક દ્વારા

## ઉમરગામમાં પૂરગ્રસ્ત પરિવારોને ઘરવખરી-અનાજ કીટનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૬ :** ઉમરગામ તાલુકામાં તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિ અને વિનાશક પૂરના કારણે અનેક ગામોમાં ભારે જાનમાલનું નુકસાન થયું હતું. હજારો પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી, અનાજ, કપડાં, વાસણો સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ પૂરના પાણીમાં તણાઈ ગઈ હતી. અનેક પરિવારો ઘરબાર વિહોણા બની ગયા હતા અને જીવન ફરીથી સામાન્ય બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આવા સંવેદનશીલ સમયમાં સુપરટેક ઈન્ડસ્ટ્રિયલ પાર્કે પોતાની સામાજિક જવાબદારી નિભાવીને અસરગ્રસ્ત પરિવારોની મદદ માટે મહત્વપૂર્ણ પહેલ કરી હતી. કંપની દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટ, વાસણોની કીટ, કૂકર, કપડાં તથા અન્ય આવશ્યક ઘરવપરાશની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાહત સામગ્રી મળતાં અસરગ્રસ્ત પરિવારોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે કુદરતી આપત્તિ કોઈના જીવનમાં આવી શકે છે, પરંતુ આવા કપરા સમયમાં સમાજ, ઉદ્યોગો અને સેવાભાવી સંસ્થાઓ એક થઈને મદદનો હાથ લંબાવે ત્યારે જ સાચા અર્થમાં માનવતા જીવંત રહે છે. સુપરટેક ઈન્ડસ્ટ્રિયલ પાર્ક દ્વારા કરવામાં આવેલી આ સેવા માત્ર રાહત પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી અને સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ છે. રાહત વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રામ પંચાયતના સરપંચ ગુલાબભાઈ, તાલુકા પંચાયતના સભ્ય તેજાભાઈ, UIAના સેક્રેટરી રત્નેશ્વરભાઈ, ભારત પ્લાસ્ટિકના દિનેશભાઈ તથા વસંતભાઈ સહિતના આગેવાનોએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને તેમની સેવાભાવનાની પ્રશંસા કરવામાં આવી. વક્તાઓએ જણાવ્યું હતું કે ઉમરગામ તાલુકા પર આવેલી આ કુદરતી આપત્તિ દરમિયાન અનેક ઉદ્યોગો, સંસ્થાઓ અને સેવાભાવી લોકો સતત મદદ માટે આગળ આવ્યા છે, જે સમાજ માટે પ્રેરણારૂપ છે. આવી સેવાકીય પ્રવૃત્તિઓથી આપત્તિગ્રસ્ત પરિવારોને નવું જીવન શરૂ કરવામાં હિંમત અને આત્મવિશ્વાસ મળે છે. અંતમાં સુપરટેક ઈન્ડસ્ટ્રિયલ પાર્કના પ્રતિનિધિઓએ આશા વ્યક્ત કરી હતી કે, ભવિષ્યમાં પણ તાલુકા, રાજ્ય કે દેશ પર આવી કોઈપણ કપરી પરિસ્થિતિ આવે ત્યારે તેઓ હંમેશાં સમાજની સાથે ઉભા રહેશે અને જરૂરિયાતમંદોની સેવા માટે સતત કાર્યરત રહેશે. સાથે જ સર્વેના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## ધરમપુર-ટોકરપાડા ક્રોસિંગ પર ઝડપી કામગીરી દ્વારા રસ્તો પુનઃસ્થાપિત કરાયો



**વલસાડ, તા. ૦૬ :** જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઝડપી કામગીરી હાથ ધરીને ધરમપુર મકડાન ધામની ટોકરપાડા રોડ પર નદીના ક્રોસિંગનું સફળતાપૂર્વક સમારકામ કરવામાં આવ્યું છે. આ ઝડપી હસ્તક્ષેપે સ્થાનિક લોકો માટે અવિરત કનેક્ટિવિટી સુનિશ્ચિત કરી છે.

ભારે વાહનો માટે આ નીચાણવાળું ક્રોસિંગ અત્યંત મુશ્કેલ બની ગયું હતું. રસ્તાની ખરાબ અને અસમાન સપાટી પર માટી નાખવા માટે ડમ્પર ટ્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ટ્રક અને JCB સહિતની જરૂરી મશીનરી તૈનાત કરીને કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ટીમોએ અત્યંત કાર્યક્ષમતાથી કામ કરી, માટી પાથરીને સપાટીને સમતળ અને મજબૂત બનાવી હતી.

આખી કામગીરી ૪૦ મિનિટથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવી હતી. ક્રોસિંગ એકદમ સમતળ અને વાહનો સરળતાથી પસાર થઈ શકે તેવું બની ગયું હતું. આ નોંધપાત્ર પરિવર્તન આ ૨૪.૧ કિમી લાંબા રોડ નેટવર્ક પર તમામ પ્રકારના વાહનો માટે ઝડપી માર્ગ સુનિશ્ચિત કરે છે.

## ધરમપુરમાં કલેક્ટરની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ લેવલ મેનેજમેન્ટ કમિટીની બેઠક યોજાઈ

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત પીએમશ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) ખાતે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં "ડિસ્ટ્રિક્ટ લેવલ મેનેજમેન્ટ કમિટી" (DLMC) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ શાળાના સર્વાંગી વિકાસ અને બાળકોને ઉચ્ચ કક્ષાનું શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાનો હતો.

બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરએ શાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય) વિકાસ અંગે વિગતવાર સમીક્ષા કરી જણાવ્યું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી તમામ મૂળભૂત ભૌતિક સુવિધાઓ સત્વરે મળી રહે તે અત્યંત જરૂરી છે. આ સંદર્ભે તેમણે શાળાના નવા ભવન નિર્માણનું કામ વહેલી તકે શરૂ કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

બેઠક પૂર્ણ થયા બાદ, કલેક્ટરએ સમગ્ર શાળા પરિસર અને હોસ્ટેલની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓની રહેવા-જમવાની વ્યવસ્થાઓ તથા સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેમણે વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે ઉત્સાહપૂર્વક સીધો સંવાદ સાધ્યો હતો.

વર્ગખંડ મુલાકાત દરમિયાન કલેક્ટરએ વિદ્યાર્થીઓને અંગ્રેજી, હિન્દી, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાંથી પ્રશ્નો પૂછીને તેમની વિષય સમજ અને જ્ઞાનનું સ્તર ચકાસ્યું હતું.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 07, August 2026


## અમદાવાદ ગેમ્સ માટે દુનિયાને નિમંત્રણ

ઈંગ્લેન્ડના ગ્લાસગો ખાતે ૨૩મી કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન સાથે ભારતે આગામી સ્પર્ધા માટે નવી ઉમ્મીદ જગાવી છે. ચંદ્રકોનાં સરવૈયાંમાં ભારતે ૧૩ સુવર્ણ, ૧૭ રજત અને ૯ કાંસ્ય સાથે ૩૯ ચંદ્રક જીતીને ચોથું સ્થાન જાળવ્યું છે. મોટા ભાગની રમતોમાં ખેલાડીઓએ શાનદાર પ્રતિસ્પર્ધા કરી, ખાસ તો બોક્સિંગ, વેઈટલિફ્ટિંગ, જુડો અને પેરા એથ્લેટિક્સમાં ઈતિહાસ રચ્યો. મુક્કેબાજીમાં તો સાત ગોલ્ડ અને ત્રણ સિલ્વર સાથે સપાટો બોલાવી દીધો. ભારત એટલે માત્ર ક્રિકેટ ક્રેઝી રાષ્ટ્ર એવું મહેણું મારનારાઓને આ મજબૂત જવાબ છે, સાથે ભવિષ્ય માટે મોટો શુભ સંકેત છે. ૨૦૪૭માં વિકસિત રાષ્ટ્ર બનવાનું મહેનત કરી રહેલાં ભારતનું સપનું સાકાર કરવું હશે તો દરેક ક્ષેત્ર અને સ્તરે ગુણવત્તાયુક્ત પ્રદર્શન જરૂરી બને છે. ગ્લાસગો ગેમ્સમાં બેડમિન્ટન કે નિશાનબાજી જેવી રમતોનો સમાવેશ નહોતો. ભારત આ બધી રમતોમાં પ્રતિભાશાળી ખેલાડીઓ ધરાવે છે. યોગાનુયોગ આજ અરસામાં બેડમિન્ટનમાં તન્વી શર્માએ તાઈપેઈ ઓમાન ખિતાબ જીત્યો. આ ૧૭ વર્ષીય હોનહાર ખેલાડીનું આ પહેલું ઈન્ટરનેશનલ ટાઈટલ છે. પી.વી. સિંધુ જાપાન ઓમાનમાં ત્રણ વખતની વર્લ્ડ ચેમ્પિયન અકાને યામાગુચીને શિકસ્ત આપીને ચેમ્પિયન બની એવી જ રીતે એશિયન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સાત્ત્વિક-ચિરાગે પ્રથમ ગોલ્ડ હાંસલ કરીને ૫૮ વર્ષના દુકાળનો અંત આણ્યો. જુનિયર સ્ક્વોસ વિશ્વકપમાં અનાહતસિંહ વિજેતા થઈ. કુસ્તી, નિશાનબાજી, હોકી, ટેબલ ટેનિસ એ બધી ગેમ્સમાં ભારત પાસે પ્રતિભાશાળી ખેલાડીઓનો મોટો પૂલ છે. ૨૦૩૦માં હવે પછીની કોમનવેલ્થ ગેમ્સ ભારતમાં અમદાવાદ ખાતે યોજાશે, જેમાં આ બધી ગેમ્સનો ઉમેરો થવાની શક્યતા છે. યજમાન તરીકે ભારતના રમતવીરો સામે સર્વશ્રેષ્ઠ પ્રર્દશન કરવાનો પડકાર રહેશે. એવી જ રીતે અમદાવાદ ગેમ્સની તૈયારી અને સમગ્ર આયોજનની સફળતા ભવિષ્યમાં ઓલિમ્પિક માટેની યજમાનીનો માર્ગ કંડારશે. ગ્લાસગો ગેમ્સનું ભારતની દૃષ્ટિએ વધુ એક ધ્યાનાકર્ષક પાસું એ છે કે, આપણે જે ચંદ્રક જીત્યા તેમાં ૬૧ ટકા પ્રદાન મહિલા ખેલાડીઓનું છે. ૧૩ ગોલ્ડમાંથી આઠ મહિલાના ખાતે નોંધાયા છે. કેટલીક રમતોમાં નોંધપાત્ર સફળતા મળી છે. તેમ પાંચ રમતની તૈયારી પાછળ મહેનત, અઢળક ખર્ચ છતાં ચંદ્રક નથી મળ્યા એ નિરાશની વાત છે. આર્ટિસ્ટિક, જિમ્નાસ્ટિક, સ્વિમિંગ, ટ્રેક સાઈક્લિંગ, લોન બોલ્વ અને ૩ડ૩ બાસ્કેટ બોલમાં આપણું ખાતું ખૂલી ન શક્યું. તરણમાં ૧૦ જણની ટીમ હતી, છતાં સફળતા હાથ ન લાગી. આ ઈવેન્ટ એવી છે, જેમાં ઓલિમ્પિક કે કોમનવેલ્થ જેવાં આયોજનોમાં સૌથી વધુ ચંદ્રકો દાવ પર લાગતા હોય છે. ભારતે ભવિષ્યની નજરે વૈજ્ઞાનિક ઢબે તૈયારી અત્યારથી આદરવી પડશે. ગ્લાસગો ગેમ્સના સમાપનમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા અને અમદાવાદ ગેમ્સ માટે દુનિયાને નિમંત્રણ આપ્યું.

### અમેરિકા-ઈરાન યુદ્ધ અને નબળા ચોમાસાની બેવડી અસરથી છેલ્લા ૫ મહિનામાં ખાદ્યચીજોના ભાવ આસમાને

# ભારતમાં ૯૯% રાશન મોંઘું થયું



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : વર્ષ ૨૦૨૬ ની શરૂઆત ભલે સારી રહી હોય, પરંતુ છેલ્લા ૫ મહિનામાં મોંઘવારીએ સામાન્ય માણસની કમર તોડી નાખી છે. રાશનની દુકાને મળતા તેલ અને કઠોળથી લઈને રોજિંદા વપરાશના દૂધ અને ખાંડ સુધીની ૯૯% વસ્તુઓના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે.

આ ભાવવધારા પાછળનું મુખ્ય કારણ ફેબ્રુઆરી મહિનામાં શરૂ થયેલું ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ છે, જેની વૈશ્વિક અસર ભારતના બજારો પર પણ પડી છે. આ ઉપરાંત દેશમાં નબળા ચોમાસાના કારણે પણ ઉત્પાદન ઘટ્યું છે. પરિણામે, આગામી તહેવારોની સિઝનમાં લોકોના ખિસ્સા પર મોંઘવારીનો આ માર વધુ આકરો બનવાનો છે.

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી આ અસ્થિરતાના કારણે ઈંધણથી લઈને રોજિંદી ખાદ્ય સામગ્રી મોંઘી થવા લાગી. ગ્રાહક બાબતોના વિભાગ (Department of Consumer Affairs) ની પ્રાઈસ મોનિટરિંગ સિસ્ટમનો તાજેતરનો રિપોર્ટ દર્શાવે છે કે બજારમાં લગભગ ૯૯ ટકા રાશનની વસ્તુઓના ભાવ વધી ગયા છે. છેલ્લા પાંચ મહિનાથી જનતા આ વૈશ્વિક આપત્તિ અને મોંઘવારીનો ભોગ બની રહી છે.

સરકારી રિપોર્ટ અનુસાર, બજારમાં ૩૬ મુખ્ય ખાદ્ય ચીજવસ્તુઓમાંથી ૩૫ વસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. તેમાં પણ ખાસ કરીને ખાદ્યતેલ અને કઠોળના ભાવ સૌથી વધુ ઝડપથી વધ્યા છે. કૃષિ નિષ્ણાતોનું માનીએ તો, કઠોળના ભાવ વધવા પાછળનું એક મોટું કારણ આ વર્ષે પડેલો ઓછો વરસાદ છે. જુલાઈ મહિનાના અંત સુધીના આંકડા મુજબ, ખરીફ કઠોળનું વાવેતર અને પાક ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૭% ઓછો રહ્યો છે. સ્થાનિક ઉત્પાદન ઘટવાને કારણે આપણે બહારથી વધુ આયાત કરવી પડી રહી છે, જે સીધી રીતે કિંમતોમાં વધારો કરી રહી છે.

ઓગસ્ટ મહિનાથી જ ભારતમાં તહેવારોની લાંબી વણઝાર શરૂ થઈ જાય છે. પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને ત્યારબાદ રક્ષાબંધન, તીજ, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા મોટા તહેવારો એકપછી એક આવવાના છે. તહેવારોની સિઝનમાં મીઠાઈઓ અને પકવાનો બનતા હોવાથી તમામ ખાદ્ય પદાર્થોની માંગમાં ભારે ઉછાળો આવે છે. જો વૈશ્વિક સ્તરે યુદ્ધની આ જ સ્થિતિ યથાવત્ રહેશે અને પુરવઠો ખોરવાયેલો રહેશે, તો તહેવારો દરમિયાન સામાન્ય માણસ માટે ફુગાવો હજુ વધુ આકરો સાબિત થઈ શકે છે.

## કેબિનેટની બેઠકમાં મોટો નિર્ણય: ગામડે-ગામડે ગેસ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગુરુવારે ૨ મોટા નિર્ણયો લેવાયા, જેની સીધી અસર ભારતની ઈકોનોમી પર પડશે. પહેલો નિર્ણય ગોવર્ધન યોજનાને મંજૂરી, જેની અંદર ભારતમાં ગેસ બનાવવા અને વિતરણને પ્રોત્સાહન મળશે. બીજો નિર્ણય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલો છે. સરકારે આસામમાં ૪ લેન હાઈવેને મંજૂરી આપી છે. આવો બંને નિર્ણય વિશે વિસ્તારથી જાણીએ.

સરકારે દેશમાં બાયોગેસ ઉત્પાદનને નવી દિશા આપવા માટે ૨૩,૭૩૧ કરોડ રૂપિયાની ગોવર્ધન રાષ્ટ્રીય યોજનાને મંજૂરી આપી છે. આ યોજના ૨૦૨૬-૨૭થી ૨૦૩૫-૩૬ સુધી ચાલશે. તેનો ઉદ્દેશ્ય ગોબર, પાકના અવશેષ, શહેરોનો જૈવિક કચરો અને બીજા બાયોમાસથી કંપ્રેસ્ડ બાયોગેસ બનાવવાનો છે.

આ યોજનાનો સૌથી મોટો ફાયદો ખેડૂતોને મળશે. હવે ગોબર અને ખેતીનો કચરો ખાલી ખેતરો સુધી મર્યાદિત નહીં રહે, ખેડૂતો તેને બાયોગેસ પ્લાન્ટને વેચીને વધારાની કમાણી કરી શકશે. તેનાથી પરાળી અને બીજા ખેતીના કચરાને સળગાવવાની જરૂરિયાત પણ ઓછી થશે, જેનાથી પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે. સરકારનો ટાર્ગેટ દેશમાં બાયોગેસ ઉત્પાદનને હાલના સ્તરથી લગભગ ૧૦ ગણું વધારવાનું છે. તેના માટે દેશભરમાં નવા કંપ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ લગાવવામાં આવશે અને ખાનગી કંપનીઓ સાથે ઉદ્યમીઓને પણ રોકાણ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

બાયોગેસ પ્લાન્ટ લગાવવાથી ગામમાં સ્થાનિક સ્તર પર રોજગારના નવા અવસર પેદા થશે. કચરાનો સંગ્રહ, પરિવહન પ્રોસેસિંગ અને ગેસ ઉત્પાદન સાથે જોડાયેલા કેટલાય નવા કારોબાર શરુ થઈ શકશે. તેનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને પણ મજબૂતી મળશે.

યોજના અંતર્ગત બાયોગેસ ખરીદની ગેરેન્ટી આપવામાં આવશે, જેથી પ્લાન્ટ લગાવનારાને બજારની ચિંતા ન રહે. બાયોગેસ માટે નિશ્ચિત અને સ્થિર કિંમત મળશે.

નવા પ્લાન્ટ લગાવવા માટે લોન અને સબ્સિડી આપવામાં આવશે. ગેસની સપ્લાય વધારવા માટે પાઈપલાઈન નેટવર્ક પણ વિકસિત કરવામાં આવશે. આ ઉપરાંત એમએસએમઈ અને બીજા ઉદ્યમીઓને સરળ લોન અને લોન ગેરેન્ટીની સુવિધા મળશે. જિલ્લા સ્તર પર બાયોગેસ પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા માટે ફંડ પણ બનાવવામાં આવશે.

### આ મામલે મણિપુરમાં વિરોધ

## ભારતની મ્યાનમાર સાથે જમીનની અદલા-બદલી કરી વિવાદ ઉકેલવા

### મણિપુરના ચંદેલ જિલ્લામાં ૧.૪ ચોરસ માઈલ જમીનની અદલા બદલીનો વિચાર છે : આનો હેતુ ઘૂસણખોરી રોકવાનો છે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : ભારત અને મ્યાનમાર વચ્ચે સરહદ રેખા નક્કી કરવાનો વર્ષોથી પડતર રહેલો મુદ્દો ટૂંક સમયમાં ઉકેલાઈ શકે છે. અહેવાલો મુજબ, બંને દેશો એવી જમીનની અદલાબદલી કરવા પર વિચાર કરી રહ્યા છે, જેની સરહદ હજુ સુધી નક્કી થઈ શકી નથી. નવી દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સરહદ પર કેટલાક એવા વિસ્તારો છે જે ઉકેલવાના બાકી છે અને તે હિસ્સાઓ પર હાલ વાતચીત ચાલી રહી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મણિપુર સરહદે જમીનની અદલાબદલી અંગેના અહેવાલોની સીધી પુષ્ટિ કરી નથી, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું છે કે સરહદના વણઉકેલાયેલા વિસ્તારોના ઉકેલ માટે વાતચીત ચાલુ છે. તેમની આ ટિપ્પણી અમેરિકન મેગેઝિન દ ડિપ્લોમેટના રિપોર્ટ બાદ આવી છે. ૧૭ જુલાઈના આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત સરકાર મણિપુર સરહદ પર આવેલ બોર્ડર પિલર ૬૫ અને ૬૮ વચ્ચે સીમા નક્કી કરવા માટે આશરે ૧.૪ ચોરસ માઈલ જમીનની અદલાબદલીના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે. આ બંને પિલર વચ્ચેનું અંતર આશરે ૨.૮ કિલોમીટર જેટલું છે. અદલાબદલી માટે પ્રસ્તાવિત આ વિસ્તાર મણિપુરના ચંદેલ જિલ્લામાં આવેલો છે, જે મ્યાનમારના સગાઈંગ વિસ્તારની કાબાવ ઘાટીને અડીને આવે છે. ભારત અને મ્યાનમાર વચ્ચે કુલ ૧,૬૪૩ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ છે, જે અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમમાંથી પસાર થાય છે.


દમણગંગા ટાઇમ્સ
NEWS
CORPORATE NEWS


## મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ ૧૦ ઓગસ્ટના રોજ ખુલશે

અમદાવાદ, તા. ૦૧

મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રૂ. ૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા તેના ઈક્વિટી શેર્સ નો આઈપીઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટેની બિડીંગ તારીખ, બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ એટલે કે શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬

બિડ/ઓફર બંધ થવાના દિવસે યુપીઆઈમેન્ડેટ સ્વીકારવાનો છેલ્લો સમય સાંજે ૫ વાગ્યા સુધી રહેશે.

પ્રાઈસ બેન્ડ રૂ. ૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ રૂ. ૭૬૮થી રૂ. ૮૦૭ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો રૂ. ૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા ઓછામાં ઓછા ૧૮ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૮ શેરના ગુણાંકમાં બોલી લગાવી શકશે.

## ઝારખંડ સરકાર સાથે વાતચીત માટે પ્રદર્શનકારીઓએ ટીમ બનાવી

(જી.એન.એસ) તા. ૬
રાંચી, ઝારખંડમાં ભરતી પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અંગે વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલ આંદોલન એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશી ગયું છે, જેમાં પ્રદર્શનકારીઓએ રાજ્ય સરકાર સાથે વાટાઘાટો કરવા માટે ૧૧ સભ્યોના પ્રતિનિધિમંડળની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી હેમંત સોરેને આંદોલનકારીઓને ચર્ચા માટે આમંત્રણ આપ્યાના એક દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે, તેમણે કહ્યું હતું કે તેમની સરકારના દરવાજા આ મુદ્દાના ઉકેલ માટે ખુલ્લા છે. સરકારની વાતચીતની ઓફર બાદ આ પ્રતિનિધિમંડળની રચના કરવામાં આવી છે અને ચાલુ મડાગાંઠ તોડવાના પ્રયાસમાં અધિકારીઓ સમક્ષ વિરોધીઓની માંગણીઓ રજૂ કરવાની અપેક્ષા છે. ત્તજીઝ-ત્તજીજીઝ સુધારા મંચના એક પદાધિકારીએ જણાવ્યું હતું કે, "અમે આંદોલનના સંદર્ભમાં વાટાઘાટો કરવાની સરકારની ઓફરના જવાબમાં આઠ વિદ્યાર્થીઓ, બે નિષ્ણાતો (પત્રકારો) અને એક વકીલનો સમાવેશ કરીને ૧૧ સભ્યોનું પ્રતિનિધિમંડળ બનાવ્યું છે."

વિદ્યાર્થી પ્રતિનિધિઓ ચર્ચાઓનું નેતૃત્વ કરશેફોરમે સ્પષ્ટતા કરી હતી કે પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મુખ્યત્વે વિદ્યાર્થી પ્રતિનિધિઓ કરશે. જ્યારે ટીમમાં બે પત્રકારો અને એક વકીલનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમની ભૂમિકા ચર્ચા દરમિયાન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા સુધી મર્યાદિત રહેશે. તેઓ વાટાઘાટોમાં સીધા ભાગ લેશે નહીં કે સરકાર સમક્ષ માંગણીઓ રજૂ કરશે નહીં. "પત્રકારો અને વકીલની ભૂમિકા માર્ગદર્શન પૂરું પાડવા સુધી મર્યાદિત રહેશે કારણ કે અમે શાંતિપૂર્ણ વાટાઘાટો અને મુદ્દાનું નિરાકરણ ઈચ્છીએ છીએ,"

## સીમાંકન બિલ બિલકુલ સ્વીકાર્ય નથી! :રાહુલ ગાંધી


### કિરેન રિજિજુ સામે રાજકીય પક્ષો સાથે અલગ-અલગ મળવાને બદલે સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૬ : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, વિપક્ષને સીમાંકન બિલ મંજૂર નથી. આ ઉપરાંત તેમણે સવાલ ઉઠાવ્યો છે કે સરકાર રાજકીય પક્ષોને અલગ-અલગ મળવાને બદલે આ મુદ્દે સર્વપક્ષીય બેઠક કેમ નથી બોલાવતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી અને કિરેન રિજિજૂ વચ્ચે થયેલી મુલાકાતમાં રાહુલે સંસદનું કામકાજ સરળતાથી ચાલવા દેવા માટે સરકાર સામે બે મુખ્ય માંગણીઓ મૂકી છે.

સંસદનું ચોમાસુ સત્ર દરરોજ હોબાળાના કારણે ખોરવાઈ રહ્યું છે. બુધવારે પણ જ્યારે આવી જ સ્થિતિ ઊભી થઈ, ત્યારે કિરેન રિજિજૂએ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં સરકારે કોંગ્રેસ સહિતના વિપક્ષ સમક્ષ સીમાંકન બિલ પર ચર્ચા કરવા માટે ૧૬, ૧૭ અને ૧૮ તારીખે સંસદનું ખાસ સત્ર બોલાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના જવાબમાં કોંગ્રેસે કહ્યું હતું કે, તેઓ પાર્ટી અને અન્ય વિપક્ષી દળો સાથે ચર્ચા કરીને પોતાનો નિર્ણય જણાવશે. રાહુલ ગાંધીએ સરકાર સમક્ષ બે સ્પષ્ટ શરતો રાખી છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી ગૃહમંત્રી અમિત શાહ પોતાનું નિવેદન નહીં આપે અને રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મુદ્દે ચર્ચા નહીં થાય, ત્યાં સુધી સંસદની કાર્યવાહી ચાલવા દેવામાં આવશે નહીં. આ સાથે જ કોંગ્રેસે જણાવ્યું છે કે તેઓ સીમાંકન બિલ પર પોતાનું વલણ ટૂંક સમયમાં સરકાર સમક્ષ સ્પષ્ટ કરશે.

## યુવા પેઢી વધુ દેશભક્ત અને ઈમાનદાર : મોહન ભાગવત




**મુંબઈ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે ગુરુવારે મુંબઈમાં આયોજિત IIMUN (ઈન્ડિયા ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ)ના ૧૫મા સ્થાપના દિવસના કાર્યક્રમમાં Gen-Z અને Gen-Alphaના આશરે ૨,૦૦૦ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. લગભગ એક કલાક ચાલેલા આ સંવાદમાં તેમણે આજની યુવા પેઢીની વિચારસરણી, શિક્ષણ, આંદોલન, મહિલાઓના નેતૃત્વ સહિત અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા. ભાગવતે જણાવ્યું કે આજની Gen-Z અને Gen-Alpha અગાઉની પેઢી કરતાં વધુ દેશભક્ત અને ઈમાનદાર છે. તેઓ દરેક બાબતે પ્રશ્ન પૂછે છે અને યોગ્ય જવાબ ઈચ્છે છે. તેથી તેમની વાત ધ્યાનથી સાંભળવી અને તેમની સાથે સતત સંવાદ જાળવવો જરૂરી છે. તેમણે કહ્યું કે જંતર-મંતર પર થયેલા આંદોલનનું મુખ્ય કારણ સમયસર સંવાદ ન થવો હતું. જો સરકાર શરૂઆતમાં જ વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે ચર્ચા કરી હોત, તો કદાચ આંદોલનની જરૂર ન પડતી. તેમના મત અનુસાર, આંદોલન પણ લોકશાહીમાં પોતાની વાત રજૂ કરવાનો એક માર્ગ છે. યુવાનોના વિરોધ વિશે તેમણે સ્પષ્ટ કહ્યું કે માત્ર આંદોલન કરવાના આધારે કોઈને દેશવિરોધી ગણવું યોગ્ય નથી. જો યુવાનો વિરોધ કરી રહ્યા હોય તો તેની પાછળ કોઈ વાસ્તવિક સમસ્યા હોય છે. આવા વિરોધને સિસ્ટમમાં સુધારો લાવવાના પ્રયાસ તરીકે જોવો જોઈએ. જંતર-મંતર પર લાઠીચાર્જ અને પેલેટ ગનના ઉપયોગ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ભાગવતે કહ્યું કે કોઈપણ ઘટનાનો નિર્ણય કરતા પહેલાં તેની સંપૂર્ણ હકીકત અને પરિસ્થિતિ સમજવી જરૂરી છે. તેમણે ઉમેર્યું કે અહેવાલો મુજબ કેટલાક ઉપદ્રવી તત્વો સામેલ હતા, પરંતુ તેઓ યુવાનો પર વિશ્વાસ રાખે છે.

NEET પેપર લીક બાદ દેશભરમાં થયેલા વિદ્યાર્થી આંદોલનોની પૃષ્ઠભૂમિમાં મોહન ભાગવતનો આ સંવાદ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.


## એનાલોગ પનીર પર પ્રતિબંધ બાદ રાજકોટમાં આરોગ્ય વિભાગનું ચેકિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ, તા.૬ : રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે એનાલોગ પનીર પર સરકારી પ્રતિબંધ બાદ આજે શહેરભરમાં દરોડા પાડી મોટો સપાટો બોલાવ્યો છે. નાગરિકોના સ્વાસ્થ્ય સુરક્ષાના હેતુથી લાતી પ્લોટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ અને કોઠારીયા રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં ડેરી એકમો પર તપાસ હાથ ધરીને ભેળસેળયુક્ત પનીરના ઉત્પાદન તથા વેચાણ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. સરકાર દ્વારા એનાલોગ પનીરના ઉપયોગ અને વેચાણ પર સત્તાવાર રોક લગાવવામાં આવ્યા બાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય ટીમે સવારથી જ શહેરના જુદા જુદા ઝોનમાં ઘનિષ્ઠ તપાસ ઝુંબેશ આદરી હતી. તપાસ દરમિયાન લાતી પ્લોટ ખાતે આવેલ ફોર્ચ્યુન પનીર એકમ પર ટીમ પહોંચી હતી અને પનીરના શંકાસ્પદ જથ્થાના સેમ્પલ મેળવ્યા હતા. નિયમોના ઉલ્લંઘન બદલ પનીરનું ઉત્પાદન અને વિતરણ કરતી ૩ મહત્વની પેઢીઓને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે, જેમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી શ્રીરામ ડેરી અને કોઠારીયા રોડ પરની શ્યામ ડેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સેંટ્રલ ઝોનમાં રેલવે જંકશન સામે ૧૬ પેઢીઓમાં તપાસ કરી ૪૭ કિલો પનીરનો નાશ કરવામાં આવ્યો હતો. સાધુ વાસવાણી રોડ પર ૧૦ પેઢીઓમાંથી ૭૪ કિલો અને જામનગર રોડ પર ૧૨ પેઢીઓમાંથી ૧૫ કિલો મળી કુલ ૧૩૬ કિલો જેટલા અખાદ્ય અને શંકાસ્પદ પનીરના જથ્થાનો સ્થળ પર જ નાશ કરાયો હતો. આરોગ્ય વિભાગની આ આક્રમક કાર્યવાહીથી ભેળસેળિયા વેપારીઓમાં ભારે ફાળ પડી છે.

## UPI અને અન્ય ડિજિટલ ચુકવણીઓ પર શુલ્ક લેવાની મંજૂરી

(જી.એન.એસ) તા. ૬
નવી દિલ્હી, લોકસભાએ ગુરુવારે ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, ૨૦૦૭ માં સુધારો કરવા માટે એક બિલ પસાર કર્યું, જે સરકારને બેંકો અને અન્ય સેવા પ્રદાતાઓને યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (̈) અને અન્ય સૂચિત ઇલેક્ટ્રોનિક ચુકવણી મોડ્સ દ્વારા ચુકવણી પર શુલ્ક વસૂલવાની મંજૂરી આપવાની મંજૂરી આપે છે.

ગૃહ દ્વારા ચર્ચા વિના પસાર કરાયેલ આ સુધારો, હાલની કાનૂની જોગવાઈને દૂર કરવાનો પ્રયાસ કરે છે જે બેંકો અને ચુકવણી સેવા પ્રદાતાઓને સૂચિત ઇલેક્ટ્રોનિક ચુકવણી




મોડ્સ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (સ્ઙ્ઘઈ) વસૂલવાથી અટકાવે છે.

ઈ્જી અને દ્ઈલ્ દ્વારા કરવામાં આવતી રીઅલ-ટાઇમ ચુકવણીઓ સેવા ચાર્જ ચૂકવીને કરવામાં આવે છે. જો કે, વ્યવહારોને અત્યાર સુધી આવા શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવી છે. ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમમાં પ્રસ્તાવિત ફેરફારો કરવેરા પરના વ્યાપક કાયદાનો એક ભાગ છે, જે મંગળવારે ગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો.

અગાઉ મુલતવી રાખ્યા પછી બપોરે ૨ વાગ્યે ગૃહ ફરી શરૂ થયા પછી લોકસભામાં ધ્વનિ મત દ્વારા બિલ પસાર કરવામાં આવ્યું હતું.

ગૃહ ફરી શરૂ થતાં જ, નાણામંત્રી નિર્મલા સીતારમણે કરવેરા અને અન્ય કાયદા (સુધારા) બિલ, ૨૦૨૬ રજૂ કર્યું, જેમાં ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, ૨૦૦૭ અને આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ માં સુધારો કરવામાં આવ્યો અને નાણાં અધિનિયમ, ૨૦૨૬ માં સુધારો કરવામાં આવ્યો, જેને ધ્યાનમાં લેવામાં આવે.

# દિલ્હી સંસદમાં સંતોના કથિત અપમાન સામે ડાંગમાં આવેદન




**સાપુતારા, તા.૦૬ :** દિલ્હી સંસદ પરિસરમાં સંત સમાજ, સનાતન સંસ્કૃતિ અને ભગવા વસ્ત્રોના કથિત અપમાનના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ, ડાંગ સનાતન સંત સમાજ, ભગત સમાજ તથા સમસ્ત હિન્દુ સમાજના સંયુક્ત ઉપક્રમે ગુરુવારે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે વિશાળ મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહારેલી બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવાયું હતું કે તા.૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ સંસદ પરિસરમાં કેટલાક સાંસદો અને તેમના સમર્થકો દ્વારા ભગવા વસ્ત્રો ધારણ કરી સંતોના વેશમાં રજૂઆત કરવામાં આવી હતી તેમજ ભગવાનના ચિત્રનું અપમાન કરવામાં આવ્યું હોવાનું સંત સમાજનું માનવું છે. આ ઘટનાથી દેશભરના સનાતન ધર્મના અનુયાયીઓની ધાર્મિક લાગણીઓને ગંભીર ઠેસ પહોંચી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. રાષ્ટ્રપતિ તથા કેન્દ્ર સરકાર સમક્ષ આવેદનપત્ર મોકલવામાં આવ્યું હોવાનું જણાવતાં તેમણે સમગ્ર મામલે નિષ્પક્ષ અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.સંત સમાજે ચેતવણી આપી હતી કે જો યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી સમયમાં દેશવ્યાપી આંદોલન, લોકજાગૃતિ અભિયાન અને કાનૂની લડતને વધુ તેજ બનાવવામાં આવશે. મહારેલીમાં વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારો, સંતો-મહંતો, ભગત સમાજના આગેવાનો, વિવિધ હિન્દુ સંગઠનોના કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો જોડાયા હતાં.

# રાજ્યમાં આવતીકાલે અને ૯મીએ અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૬ :** મેઘરાજા ફરી ગુજરાતમાં આવવા તૈયાર થઇ ગયા છે. રાજ્ય પરથી નૈઋત્યના પશ્ચિમી પવનો લોઅર લેવલે ફૂંકાઇ રહ્યા છે. તેના પરિણામે આગામી ૮ અને ૯ તારીખે અનેક જિલ્લાઓમાં હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપી છે. જે અનુસાર ૮ તારીખે સાબરકાંઠા અને અરવલ્લી અને ૯ તારીખે બનાસકાંઠા, વાવ-થરાદ, સાબરકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદ પડી શકે છે. આ સાથે માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. આ સિવાય ૮ અને ૯ તારીખે મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે તેવા વિસ્તારોમાં ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર, દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડતી દમણ, દાદરા અને નગરહવેલી તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વીકેન્ડ દરમિયાન વરસાદની તીવ્રતા વધવાની ધારણા હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોને સાવચેત રહેવા અને તંત્રની માર્ગદર્શિકાનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૨૦૫/૨૦૨૬**

**અરજદાર : કમલેશભાઈ રમેશભાઈ પટેલ**
**રહે.** આછવણી, બેજઝરી ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, આછવણી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **કમલેશભાઈ રમેશભાઈ પટેલ** રહે. આછવણી, બેજઝરી ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના દાદા **મંગુભાઈ સોમલાભાઈ પટેલ**નું મરણ મોજે, આછવણી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૧/૦૭/૨૦૦૫ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૨૦/૭/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) સહિ/-
સ્થળ : વાંસદા (બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

## જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૨૦૬/૨૦૨૬**

**અરજદાર : કમલેશભાઈ રમેશભાઈ પટેલ**
**રહે.** આછવણી, બેજઝરી ફળિયા
તા.ખેરગામ જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, આછવણી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **કમલેશભાઈ રમેશભાઈ પટેલ** રહે. આછવણી, બેજઝરી ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના દાદી **જીવલીબેન મંગુભાઈ પટેલ**નું મરણ મોજે, આછવણી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૨/૦૪/૧૯૯૫ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૨૦/૭/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) સહિ/-
સ્થળ : વાંસદા (બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

# નામધા કાંઠા ફળિયાથી ફાંસો ખાધેલી યુવકની લાશ મળી

**વાપી, તા.૦૬ :** વાપીના નામધા કાંઠા ફળિયા ખાતે દમણગંગા નદીના કિનારે આવેલા આંબાના ઝાડ પરથી બે દિવસ અગાઉ એક અજાણ્યા યુવકની લાશ લટકતી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી.

સ્થાનિકોની જાણ મુજબ યુવકે ગમછાનો ઉપયોગ કરી ફાંસો ખાધો હોવાનું પ્રાથમિક દેખાવ પરથી લાગી રહ્યું છે. મૃતકની ઉંમર અંદાજે ૨૫ થી ૨૬ વર્ષની હોવાનું મનાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ વાપી ટાઉન પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળનું પંચનામું કરી લાશને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી. હાલ યુવકની ઓળખ થઈ શકી નથી. આ મામલે વાપી ટાઉન પોલીસે અકસ્માત મોતની એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ આસપાસના સીસીટીવી અને ગુમ થયેલા લોકોના રેકોર્ડના આધારે ઓળખ કરવાના પ્રયાસો કરી રહી છે.

## દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, હું **શ્રી કેનાલભાઈ અમૃતભાઈ ટંડેલ**, ઉંમર વર્ષ આશરે ૩૦, રહે. ૯૪, મહાદેવ ફળિયા, દાંડી, વલસાડ, ગુજરાતનો મારો ઓરિજિનલ EXN-45 પ્રમાણપત્ર નં. ૧૪૨૩૭૩ (જે મર્ચન્ટાઈલ મરીન ડિપાર્ટમેન્ટ (MMD), મુંબઈ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ છે) મુસાફરી દરમિયાન ગુમ થયેલ છે.

જો કોઈ વ્યક્તિને સદર પ્રમાણપત્ર મળી આવે અથવા તે અંગે કોઈ દાવા કે વાંધો હોય, તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૧૪ દિવસની અંદર નીચે સહી કરનારનો સંપર્ક કરવો. અન્યથા, હું MMD, મુંબઈ ખાતેથી ડુપ્લિકેટ EXN-45 પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરીશ.

સ્થળ : વલસાડ, તારીખ : ૦૫-૦૮-૨૦૨૬ સહી/-
કેનાલભાઈ અમૃતભાઈ ટંડેલ

**No.MAM/SIL/RTS/RBD-DNH/174/Birth/2026/3300 Dated:23/06/2026.**

**APPLICANT- Kaushika Vasantbhai Nayka, Presently residing at- Chokipada, Sayli, DNH.**
**Mo 9737408535**
**V/S**
**OPPONENTS- The Registrar of Births & Deaths, Sayli.**
**NOTICE**

The public to take note that the above, named applicant Kaushika Vasantbhai Nayka's son, Vihaan Vasantbhai Nayka, who was born on 11/11/2020 at Sayli, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Sayli. Hence, the applicant has moved on application to pass an order to register birth of Vihaan Vasantbhai Nayka. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૧૩/૨૦૨૬**

**અરજદાર : શ્રી રમજાનભાઈ ઉમરભાઈ ખલીફા**
**રહે.** ખત્તલવાડા, મોગરાવાડી,
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. એન.સી. ભંડારી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ખત્તલવાડા**
**ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમજાનભાઈ ઉમરભાઈ ખલીફા** રહે. ખત્તલવાડા, મોગરાવાડી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **સોકતભાઈ રમજાનભાઈ ખલીફાનો** જન્મ તા.૨૩-૧૨-૧૯૮૩ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૭૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**
(કોર્ટનો સિક્કો)
**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

## જાહેર નોટીસ

આથી સાર્વજનિક જનતાને જણાવવાનું કે, બેંક ઓફ બરોડાની નૌપાડા, થાણે વેસ્ટ શાખા તેના એક ગ્રાહક દ્વારા વિનંતી કરાયેલ લોન/ક્રેડિટ સુવિધા માટે M/s Prithvi Polymer Industries Pvt Ltd (ફ્લેટ નં. ૫૦૨, ૫ મો માળ, કોટન એક્સચેન્જ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨) ના નામે રહેલી નીચે મુજબની મિલકતને જામીન/સિક્યુરિટી તરીકે સ્વીકારવાનો ઈરાદો ધરાવે છે.

જો કોઈ વ્યક્તિ આ નીચે મુજબની મિલકત પર કોઈપણ હક / હિસ્સો / ટાઈટલ / વ્યાજ / દાવો ધરાવતી હોય, તો તેઓને તેમના દાવાના સમર્થન માટે જરૂરી પુરાવા સાથે ૧૦ દિવસની અંદર બેંક અથવા નીચે સહી કરનાર એડવોકેટનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

જો ૧૦ દિવસની અંદર કોઈ પ્રતિસાદ નહીં મળે, તો એવું માની લેવામાં આવશે કે આ મિલકત કોઈપણ બોજા/દાવા/પ્રતિકૂળ હકથી મુક્ત છે અને બેંક મોર્ગેજ (ગિરવે મૂકવાની) પ્રક્રિયા આગળ વધારશે.

મિલકતની વિગત : (સર્વે નંબર/ક્ષેત્રફળ/સીમાઓ સાથે)

ઈન્ડસ્ટ્રીયલ જમીન અને બિલ્ડિંગ, જેમાં પ્લોટ નં.૦૫ની એન.એ. (NA) જમીન સમાવિષ્ટ છે, જેનું ક્ષેત્રફળ હેક્ટર ૧૯ - ૫૦ એકર (૧૯૫૦ ચો. મીટર) છે, સર્વે નંબર ૨૬૫/૧, ગામ દાદરા, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, દમણ રોડ પર સ્થિત, બ્લુ સ્ટાર લિમિટેડની સામે અને યુરો લેમિનેટની નજીકમાં, ગામ દાદરા અને નગર હવેલી, સિલવાસા - ૩૯૬૧૯૩માં M/s Prithvi Polymer Industries Pvt Ltd ના નામે છે.

**કોમ્પ્લેક્સની સીમાઓ :**

| વિગત | વેચાણ દસ્તાવેજ / વેલ્યુએશન રિપોર્ટ મુજબ |
|---|---|
| પૂર્વ | સર્વે નં. ૨૬૫/૧/૪ |
| પશ્ચિમ | સર્વે નં. ૨૬૫/૧/૬ |
| ઉત્તર | MIDC રોડ |
| દક્ષિણ | સર્વે નં. ૨૪૪ (ભાગ) |
| જીઓલોકેશન | અક્ષાંશ (Latitude) : ૨૦.૩૨૪૧૧૫<br>રેખાંશ (Longitude) : ૭૨.૯૭૦૭૩૩ |

**શાખાની વિગતો / સંપર્ક નંબર :**
**નૌપાડા, થાણે વેસ્ટ બ્રાન્ચ, નં. ૫ ગૌરાંગી ચેમ્બર્સ, દમાણી એસ્ટેટની સામે, એલ. બી. એસ. માર્ગ, થાણે વેસ્ટ, મહારાષ્ટ્ર - ૪૦૦૬૦૨**
**મોબાઈલ નં. ૯૯૩૦૧ ૮૭૬૦૧**
**ઈમેલ VJTHAW@BANKOFBARODA.CO.IN**
**તારીખ : ૦૫/૦૮/૨૦૨૬**
**સ્થળ : સિલવાસા**

**વિશાલ કે. શ્રીમાળી**
**(એડવોકેટ)**
**ઓફિસ : ૨૦૮-૨૦૯, લેન્ડમાર્ક, ટોકરખાડા, સિલવાસા-૩૯૬૨૩૦, દાનહ,**
**મોબાઈલ : ૯૯૯૮૬૯૫૯૫૧**
ઈમેલ : **adv.vkshrimali@gmail.com**

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૩૦/૨૦૨૬**

**અરજદાર : કમલેશભાઈ મણીભાઈ હળપતિ**
કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **નારણભાઈ લલ્લુભાઈ હળપતિનો** મરણ તા.૦૭/૧૦/૧૯૯૦ના રોજ મોજે કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

## પશ્ચિમ રેલ્વે દાદર ⇌ ભુસાવલ વચ્ચે ખાસ ટ્રેનની ટ્રીપ લંબાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | દોડાવાના દિવસો | સુધી લંબાવાશે |
|---|---|---|---|
| ૦૯૦૪૯ | દાદર - ભુસાવલ | શુક્રવાર | ૨૫.૦૯.૨૦૨૬ |
| ૦૯૦૫૦ | ભુસાવલ - દાદર | શુક્રવાર | ૨૫.૦૯.૨૦૨૬ |

**સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.**

**ટ્રેન નંબર ૦૯૦૪૯ની વિસ્તૃત ટ્રીપ માટે બુકિંગ બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલ્લું છે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.**

**પશ્ચિમ રેલ્વે**
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

**તમામ આરક્ષિત ટિકીટો માટે મૂળ ઓળખપત્રો સાથે રાખો**

## એજીસ વોપાક ટર્મિનલ્સ લિમિટેડ

AEGIS VOPAK

**રજી. ઓફિસ:** ૫૦૨, સ્કાયલોન, જી.આઈ.ડી.સી., ચાર રસ્તા, વાપી- ૩૯૬ ૧૯૫, જી.વલસાડ, ગુજરાત
**કોર્પો. ઓફિસ:** ૧૨૦૨, બી ટાવર, પેનીન્સુલા બિઝનેસ પાર્ક, જી.કે.માર્ગ, લોઅર પરેલ(વેસ્ટ), મુંબઈ : ૪૦૦૦૧૩, ટેલી.: + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૬૬૬, ફેક્સ : + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૭૭૭
ઈ-મેઈલ : aegis@aegisindia.com, વેબસાઈટ : www.aegivopak.com, **CIN : L63030GJ2013PLC075304**

**૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઅધિકૃત સ્ટેન્ડઅલોન અને એકીકૃત નાણાંકીય પરિણામો**

૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે કંપનીના કાયદાકીય ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સાથે એજીસ વોપાક ટર્મિનલ્સ લિમિટેડ (''કંપની'')ના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામોની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને કંપનીના ડિરેક્ટર બોર્ડ દ્વારા ૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની બેઠકોમાં સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૩૩ અને ૫૨ ના સંદર્ભમાં મંજૂર કરવામાં આવ્યા છે. ઉપરોક્ત નાણાંકીય પરિણામો અને તેના પર કાયદાકીય ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સ્ટોક એક્સચેન્જ અને કંપનીની વેબસાઈટ (www.bseindia.com, www.nseindia.com અથવા www.aegisvopak.com) પર ઉપલબ્ધ છે. નીચે આપેલા QR કોડને સ્કેન કરીને પણ આ જ માહિતી મેળવી શકાય છે :

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૦૫.૦૮.૨૦૨૬**

**એજીસ વોપાક ટર્મિનલ્સ લિમિટેડ વતી**
**સહી/-**
**પ્રિયંકા વૈદ્ય**
**કંપની સેક્રેટરી**

## એજીસ લોજીસ્ટીક્સ લિમિટેડ

AEGIS

**રજી. ઓફિસ:** ૫૦૨, સ્કાયલોન, જી.આઈ.ડી.સી., ચાર રસ્તા, વાપી- ૩૯૬ ૧૯૫, જી.વલસાડ, ગુજરાત
**કોર્પો. ઓફિસ:** ૧૨૦૨, બી ટાવર, પેનીન્સુલા બિઝનેસ પાર્ક, જી.કે.માર્ગ, લોઅર પરેલ(વેસ્ટ), મુંબઈ : ૪૦૦૦૧૩, ટેલી.: + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૬૬૬, ફેક્સ : + ૯૧ ૨૨ ૬૬૬૬ ૩૭૭૭
ઈ-મેઈલ : aegis@aegisindia.com, વેબસાઈટ : www.aegisindia.com, **CIN : L63090GJ1956PLC001032**

**૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઅધિકૃત સ્ટેન્ડઅલોન અને એકીકૃત નાણાંકીય પરિણામો**

૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે એજીસ લોજિસ્ટિક્સ લિમિટેડ (''કંપની'') ના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો, કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સાથે, ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ ના સંદર્ભમાં, ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની બેઠકોમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. ઉપરોક્ત નાણાંકીય પરિણામો અને તેના પર સ્ટેચ્યુટરી ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલો સ્ટોક એક્સચેન્જ અને કંપનીની વેબસાઈટ (www.bseindia.com, www.nseindia.com અને www.aegisindia.com) પર ઉપલબ્ધ છે. નીચે આપેલા QR કોડને સ્કેન કરીને પણ આ જ માહિતી મેળવી શકાય છે :

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૦૬.૦૮.૨૦૨૬**

**એજીસ લોજિસ્ટિક્સ લિમિટેડ વતી**
**સહી/-**
**સ્નેહા પરબ**
**કંપની સેક્રેટરી**

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેકશન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200






Friday 07, August 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## વલસાડમાં બ્લિંકિટથી મંગાવેલા પેકેટમાંથી ફૂગ વાળી બ્રેડ નીકળતા હોબાળો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** આજના ડિજિટલ યુગમાં લોકો સમય બચાવવા માટે ઓનલાઈન ડિલિવરી એપ્સનો સહારો લઈ રહ્યા છે, પરંતુ ક્યારેક આ સુવિધા સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ બની જાય છે. વલસાડ શહેરમાં ક્વિક ડિલિવરી એપ 'બ્લિંકિટ' ની એક ગંભીર બેદરકારી સામે આવી છે, જેમાં ઓર્ડર કરેલી બ્રેડના આખા પેકેટમાંથી ફંગસ (ફૂગ) નીકળતા ગ્રાહકોમાં ભારે હોબાળો મચી ગયો છે. વલસાડના એક સ્થાનિક રહીશે બ્લિંકિટ એપ દ્વારા દૈનિક વપરાશ માટે બ્રેડનું પેકેટ ઓર્ડર



કર્યું હતું. ડિલિવરી મળ્યા બાદ જ્યારે પેકેટ ખોલવામાં આવ્યું ત્યારે બ્રેડના ટુકડાઓ પર લીલા અને કાળા રંગની ફૂગ સ્પષ્ટપણે જોવા મળી હતી. આખું પેકેટ ખરાબ થઈ ગયું હોવા છતાં તેને ગ્રાહક સુધી પહોંચાડી દેવામાં આવ્યું હતું.

ઓનલાઈન ડિલિવરીના નામે લોકોના ખિસ્સા ખાલી થાય છે અને બદલામાં વાસી કે ફૂગવાળો ખોરાક આપીને તેમના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા છે.

બ્રેડમાંથી ફૂગ નીકળવાની આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઓનલાઈન ગ્રોસરી ડિલિવરી કરતી કંપનીઓ સામાન પેક કરતી વખતે કેવો સ્ટોક મોકલી રહી છે તે અંગે કોઈ ગુણવત્તા તપાસ થાય છે કે કેમ, તેવા અનેક સવાલો ઉભા થયા છે. ડિલિવરી કરતા પહેલા પ્રોડક્ટની એક્સપાયરી કે સ્થિતિ તપાસવામાં નથી આવતી, ફૂગવાળો ખોરાક ખાવાથી બાળકો કે વડીલો ગંભીર બીમારીનો ભોગ બને તો જવાબદારી કોની છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ આવી ઓનલાઈન કંપનીઓ સામે કડક કાર્યવાહી કરશે. આ ઘટના બાદ વલસાડના ગ્રાહકો માંગ કરી રહ્યા છે

કે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આવી ઓનલાઈન ડિલિવરી કંપનીઓના ડાર્ક સ્ટોર અને વેરહાઉસ પર તાત્કાલિક દરોડા પાડીને ખોરાકની ગુણવત્તા ચકાસવામાં આવે અને આવી બેદરકારી બદલ કડક કાનૂની પગલાં લેવામાં આવે તે જોવાનું રહ્યું છે.

## વલસાડ ફુડ સિક્યોરિટી ઓફિસરના બ્લિંકિટના ગોડાઉન પર દરોડા

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ શહેર અને જિલ્લા ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર (ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ) દ્વારા તારીખ ૦૬/૦૮/૨૦૨૬ ના રોજ તિથલ રોડ પર આવેલા Blink Commerce Private Limited (ગોડાઉન-૨, બ્લોક નં. B, સર્વે નં. ૬૦૪/૧, વલસાડ) ના સ્થળ પર સોસીયલ મીડિયા દ્વારા મળેલી માહિતી આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઓનલાઈન ડિલિવરી મેળવતા એક ગ્રાહકે બ્રેડમાં ફૂગ હોવાની તથા ખાવા યોગ્ય ન હોવાની સત્તાવાર ફરિયાદ કરી હતી. આ ફરિયાદના આધારે ફૂડ સેફટી ઓફિસર કુ.બી.કે.પટેલ દ્વારા ગોડાઉનની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ફરિયાદવાળી 'Super Crustless Sandwich Bread' (૨૫૦ ગ્રામ કો.પેક પેકેટ, બેચ નં-AH 02, યુઝ બાય : ૦૮/૦૮/૨૦૨૬) માં ફૂગ મળી આવી હતીમાં પેઢીમાંથી બ્રેડ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓનું પણ વેચાણ થતું હોવાથી ફૂડ વિભાગ દ્વારા અન્ય ઉત્પાદનોના નમૂના (સેમ્પલ) પણ ચકાસણી અર્થે લેવામાં આવ્યા હતા.

બાજરીનો લોટ માં પતંજલિ સીંગતેલ આ તમામ સેમ્પલ મેળવીને લેબ ટેસ્ટિંગ અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. ફૂડ વિભાગે આગળની તપાસ ઝડપથી હાથ ધરી છે.

## વલસાડ રેલ્વે હોસ્પિ.નો એસ.ઓ. ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા. ૬** પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન હેઠળ આવતી વલસાડ રેલવે હોસ્પિટલના એક કર્મચારીને સીબીઆઈ ગાંધીનગરની ટીમે લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડતા રેલવે તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

વલસાડ રેલવે હોસ્પિટલ ખાતે ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા વિશ્વેશ્વરકુમાર બેહેરા સામે ગાંધીનગર CBI ને એક નિવૃત્ત રેલવે કર્મચારી દ્વારા ગંભીર ફરિયાદ મળવા પામી હતી. ફરિયાદીના મેડિકલ તબીબી ખર્ચના બિલ પાસ કરવાના અવેજ પેટે આરોપી ઓ. એસ. દ્વારા રૂ. ૨૦,૦૦૦ની લાંચ માંગવામાં આવી હતી.

આ લાંચના પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૦,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. જે આધારે CBI ની ટીમે વલસાડ શહેર વિસ્તારમાં વોચ ગોઠવીને ૫ ઓગસ્ટના રોજ સાંજે ૬ કલાકે આરોપી વિશ્વેશ્વર કુમાર બેહેરાને રૂ. ૧૦,૦૦૦ ની લાંચ સ્વીકારતા જ રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

હાલ ગાંધીનગર CBI ની ટીમ દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયે વધુ વિગતો જાહેર કરવામાં આવશે.

## બારોલીયામાં પશુ પરિવહન કેસમાં ફરાર મુખ્ય આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૬ :** ધરમપુર તાલુકાના બારોલીયાગામના બારી ફળિયા નજીક ઝરીયા રોડ પરથી થોડા દિવસો અગાઉ ગેરકાયદેસર રીતે પશુ પરિવહન કરતા ઝડપાયેલા બોલેરો પીકઅપ કેસમાં ધરમપુર પોલીસે વધુ એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. કેસમાં ફરાર મુખ્ય આરોપી સલીમ હાસમ પઠાણ (રહે. આમોદીન રોડ, ધરમપુર)ની તા. ૦૫/૦૮/૨૦૨૬ના રોજ અટકાયત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ પોલીસે મહિન્દ્રા બોલેરો પીકઅપમાંથી બે ગાયો, એક મોબાઈલ ફોન તથા પશુ બાંધવાના દોરડા સહિત અંદાજે રૂ. ૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તપાસ દરમિયાન પશુઓને પરવાનગી વિના તેમજ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા વગર ક્રૂરતાપૂર્વક પરિવહન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું.

આ કેસમાં અગાઉ મલુક મેહરાનખાનની અટકાયત કરવામાં આવી હતી,

જ્યારે પાયલોટિંગ કરનાર હનીફ જમીલખાન અને બોલેરોના માલિક સલીમ હાસમ પઠાણ ફરાર હતા. સતત તપાસ બાદ પોલીસે સલીમ હાસમ પઠાણને અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉમરસાડી કોટલાવથી લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારડી તાલુકાના ઉમરસાડી કોટલાવ ગામના દાદરી મોરા ફળિયામાં રહેતા સંજયભાઈ કાંતિભાઈ નાયકાનો ૧૭ વર્ષીય પુત્ર દીપ, કે જેણે તાજેતરમાં જ ધોરણ ૧૨ પાસ કરી બિલીમોરા આઈ.ટી.આઈ.માં એડમિશન લીધું હતું ૩ ઓગસ્ટના રોજ રાત્રે આશરે આઠેક વાગ્યે ગામમાં આંટો મારીને આવું છું તેમ કહી ઘરેથી નીકળ્યો હતો મોડી રાત સુધી પરત ન આવતાં પરિવારે મિત્રો અને સંબંધીઓમાં શોધખોળ હાથ ધરી હતી. પુત્રની કોઈ ભાળ ન મળતાં આખરે પિતા સંજયભાઈએ પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી પરિવારજનો જ્યારે તેની શોધખોળ કરી રહ્યા હતાત્યાં કોટલાવ ઉમરસાડીના નવીનગરી ગંગાજી ફળિયા પાસે રેલવે પરિસરમાં માટી ખોદવાથી બનેલા ઊંડા ખાડાના પાણીમાંથી દીપનો મૃતદેહ મળી આવ્યો હતો પારડી પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકે પાણીમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. આ બનાવની જાણ થતાં જ પારડી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પારડી પોલીસે મૃતદેહનો કબજો મેળવી અકસ્માત મોતનો ગુનો નોંધી પીએમ અર્થે ખસેડી વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.


## વાપીમાં વોટસએપથી લગ્નનું આમંત્રણ આવે તો ચેતજો

### 'લગ્નનું નિમંત્રણ' નામની APK ફાઈલ મોકલી મોબાઈલ હેક કરવાના પ્રયાસો : છેતરપિંડીનો ખતરો : સાવચેત રહેજો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપી અને આસપાસના પંથકમાં છેલ્લા બે દિવસથી 'લગ્નનું નિમંત્રણ' નામની APK ફાઈલ દ્વારા મોબાઈલ હેક કરી છેતરપિંડી કરવાના પ્રયાસો વધ્યા છે. સાયબર ઠગો સગા-સંબંધીઓ અને મિત્રોના નામે વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પર આ એપીકે એપ શેર કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ ઠગો પહેલા કોઈ એક વ્યક્તિનો મોબાઈલ હેક કરે છે. ત્યારબાદ તે જ નંબર પરથી તેના કોન્ટેક્ટમાં રહેલા લોકોને 'લગ્નમાં આવવાનું નિમંત્રણ પત્રિકા લખીને APK ફાઈલ ફોરવર્ડ કરે છે. સામાન્ય રીતે લોકો સગાનો મેસેજ હોવાથી શંકા કર્યા વિના લિંક ઓપન કરી દે છે. એપ ઈન્સ્ટોલ થતાં જ





મોબાઈલનું કંટ્રોલ હેકર પાસે જતું રહે છે. ત્યારબાદ બેંકિંગ એપ, OTP, ફોટા અને પર્સનલ માહિતી ચોરવાની આશંકા રહે છે.

હાલ સુધી વાપી પોલીસ સ્ટેશનમાં કોઈના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ઉપડી ગયાની સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. પરંતુ સાયબર નિષ્ણાતોના મતે આવી એપ દ્વારા ડેટા ચોરી બાદ આગામી દિવસોમાં મોટી છેતરપિંડી થવાની શક્યતા નકારી શકાતી નથી. આ બાબતે સાયબર ક્રાઈમ અને વાપી પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે, કોઈ પણ અજાણી વ્યક્તિ અથવા પરિચિતના નંબર પરથી પણ ખ્બ્દ ફાઈલ આવે તો તેને તાત્કાલિક ડીલીટ કરી દેવી.

કોઈ પણ લિંક પર ક્લિક કરતા પહેલા કોલ કરીને ખાતરી કરવી. Play Store સિવાયની કોઈપણ એપ ડાઉનલોડ ન કરવી અને મોબાઈલમાં "Unknown Sources" નું ઓપ્શન બંધ રાખવું. પોલીસે કહ્યું કે શંકાસ્પદ મેસેજ મળે તો તુરંત ૧૯૩૦ હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

### હાઈવે ઓથોરીટીને પીક અવરમાં જ ખાડા પુરવાનું કેમ સુઝે છે?

## વાપી હાઈવે પર ખાડા પૂરવાના કામથી લાંબો ટ્રાફિક જામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપી-સલવાવથી બલીઠા જતા નેશનલ હાઈવે ઉપર છેલ્લા બે દિવસથી પીક અવર દરમિયાન ખાડા પૂરવાનું કામ શરૂ કરતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સવાર અને સાંજની ઓફિસ તેમજ ફેક્ટરીની આવ-જા દરમિયાન એક તરફનો રસ્તો બંધ કરી દેવાતા લાંબી કતારો લાગી જાય છે.

સૂત્રોના જણાવ્યા મુજબ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રસ્તા પર પડેલા ખાડા રિપેર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ આ કામ માટે સ્થાનિક ટ્રાફિક પોલીસ અથવા વાપી મનપાને અગાઉથી કોઈ જાણ કરવામાં આવી ન હતી. પરિણામે ટ્રાફિક વ્યવસ્થા વિના જ કામ શરૂ કરી દેવાતા સલવાવ, બલીઠા, તરફ જતા રોડ પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. વાહનચાલકોએ આક્ષેપ કર્યો કે સવારે ૯ થી ૧૧ અને સાંજે ૫ થી ૮ ના પીક સમયે આ કામ થવાના કારણે કલાકો સુધી વાહનો રોકાઈ રહ્યા છે. એમ્બ્યુલન્સ અને સ્કૂલ વાનને પણ આગળ વધવામાં મુશ્કેલી પડી રહી છે.

ટ્રાન્સપોર્ટર્સ અને રોજના મુસાફરોની માંગ છે કે ખાડા પૂરવાનું કામ વહેલી સવારે ૪ થી ૭ વાગ્યા દરમિયાન અથવા રાત્રે ૧૧ વાગ્યા બાદ હાથ ધરવામાં આવે જેથી ટ્રાફિકને અસર ન થાય. આ અંગે કામગીરી કરતી એજન્સીને ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરીને જ કામ કરવાની સૂચના આપવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

### મંદિરના છાપરા અને ઓટલાથી ગાડી કાઢવામાં તકલીફ પડે છે કહી પરિવારને ધમકી અને ગાળો આપતાં

## વાપીમાં એક સામે એટ્રોસીટીનો ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપી કુંભારવાડ, વિખ્યાત મહાદેવ મંદિર રોડ પાસે રહેતા રમેશભાઈ છગનભાઈ ધોળિયા પટેલે તેમની પત્ની સહિત પરિવારને જાતિવિષયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસે ફરિયાદ આધારે એટ્રોસિટીનો ગુનો દાખલ કર્યો છે.

રમેશ છગનભાઈ ધોડિયાપટેલની ફરિયાદ મુજબ તા. ૨૯/૦૭/૨૦૨૬ ની રાત્રે સવા નવ વાગ્યાના અરસામાં વિક્કી હિરાલાલ પાંચાલ તેમના ઘરે આવ્યા હતા. વિક્કી પાંચાલે આક્ષેપ કર્યો કે 'તમારા ઘરના બ્રહમદેવ મંદિરનું છાપરું અને ઓટલો સોસાયટીના રસ્તામાં છે. મોટી ગાડીઓને અવરજવરમાં તકલીફ પડે છે' કહીને બોલાચાલી કરી હતી. તે દરમિયાન વિક્કી પાંચાલે કહ્યું કે 'જો રોડનું નિરીક્ષણ થશે તો અમે આ મંદિર અને ઓટલા તોડી નાખીશું'

આ પછી તા. ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે વિક્કી પાંચાલ ત્રણ અજાણ્યા મજૂરો સાથે આવ્યો અને વિના પરવાનગીએ છાપરા વાળા ખુલ્લા દરવાજાના ઘરમાં ઘુસી ગયો. ફરિયાદીનો આક્ષેપ છે કે ત્રણેયે ઘરમાં રાખેલો સામાન હટાવી રસોડામાં મૂકી દીધો અને ઘરની બહાર જઈને ગાળો આપી હતી. તા. ૦૧/૦૮/૨૦૨૬ ની રાત્રે સાડા આઠ વાગ્યે ફરીથી વિક્કી પાંચાલ આવ્યો તેમણે કહ્યું કે 'અમે સોસાયટીવાળા ભેગા થઈને મંદિરનું છાપરું અને ઓટલા તોડી નાખીશું. જો અમને રોકશો તો જાનથી મારી નાખીશું'

ફરિયાદીનો દાવો છે કે આરોપીઓએ જાતિવિષયક ગાળો આપી, ધમકી આપી અને પરિવારને હેરાન કર્યા. આ સમગ્ર મામલે રમેશભાઈ પટેલે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં વિક્કી હિરાલાલ પાંચાલ અને અન્ય ત્રણ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને મારી નાખવાની ધમકી સહિતની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

## વાપીથી તાપીના પુર અસરગ્રસ્ત કચ્છી ભાનુશાલી પરિવારોને સહાય કરાશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** તાજેતરમાં ૨૩ અને ૨૪ જુલાઈ દરમિયાન સમગ્ર દક્ષિણ ગુજરાત અને વાપી તેમજ સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણમાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે સેલવાસ તેમજ આસપાસના વિસ્તારોમાં અનેક કચ્છી ભાનુશાલી પરિવારોને ઘરવખરી અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. આ સંજોગોમાં સમાજના અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવાના હેતુથી સંત શ્રી ઓધોરામ સત્સંગ મંડળ તથા શ્રી વાલરામ પાંજરાપોળ (રાતા તળાવ)ના હોદ્દેદારો અને પદાધિકારીઓએ શ્રી કચ્છી ભાનુશાલી સેલવાસ મિત્ર મંડળની શુભેચ્છક મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન તાજેતરના વરસાદથી અસરગ્રસ્ત પરિવારોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી તેમજ તેમને જરૂરી સહાય અને વળતર ઉપલબ્ધ કરાવવા અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. શ્રી વાલરામ પાંજરાપોળના પદાધિકારી મનજીભાઈ માવેએ જણાવ્યું હતું કે, વાપીથી લઈને તાપી સુધીના વિસ્તારમાં પૂરના કારણે જે કચ્છી ભાનુશાલી પરિવારોને નુકસાન થયું છે અથવા મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે, તેમને સહાય અને વળતર પેટે શક્ય તમામ મદદ કરવામાં આવશે.

શ્રી કચ્છી ભાનુશાલી સેલવાસ મિત્ર મંડળના હોદ્દેદારોએ સંત શ્રી ઓધોરામ સત્સંગ મંડળ તથા શ્રી વાલરામ પાંજરાપોળના હોદ્દેદારોનો શુભેચ્છક મુલાકાત બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સમાજની એકતા, સહકાર અને સેવાભાવની ભાવના આવા મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત પરિવારો માટે આશીર્વાદરૂપ બની છે.

### ગુજરાત હાઇકોર્ટના નવા ફોર્મેટિંગ નિયમોનો વિરોધમાં

## વાપીના એડવોકેટો આજે પણ કોર્ટ કામગીરીથી અળગા રહ્યાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યની તમામ જિલ્લા કોર્ટોમાં રજૂ થતા દસ્તાવેજો માટે એ-૪ સાઈઝના પેપર, નિર્ધારિત ફોન્ટ, માર્જિન અને કોમ્પ્યુટરાઇઝ્ડ ફોર્મેટ ફરજિયાત બનાવતા જાહેર કરાયેલા નોટિફિકેશનના વિરોધમાં વાપી બાર એસોસિએશને આજે કોર્ટની કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. સાથે જ આગામી દિવસોમાં પણ આ લડત ચાલુ રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, વાપી બાર એસોસિએશનના પ્રમુખ સતિષભાઈ પટેલની આગેવાની હેઠળ વાપી કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલોએ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન અને તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી અમલમાં આવેલા નવા નિયમો સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. વકીલોનું કહેવું છે કે હવે કોર્ટમાં રજૂ થતી તમામ અરજીઓ નિર્ધારિત ફોર્મેટમાં કોમ્પ્યુટરાઇઝ્ડ તૈયાર કરી રજૂ કરવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ ઘણી વખત આરોપી અથવા અરજદાર ગેરહાજર હોય, મુદત લેવાની જરૂરિયાત ઊભી થાય અથવા અન્ય તાત્કાલિક અરજીઓ રજૂ કરવાની હોય ત્યારે સ્થળ પર જ ટાઈપિંગ અને પ્રિન્ટિંગ કરાવવું વ્યવહારિક રીતે શક્ય બનતું નથી.

વકીલોએ વધુમાં જણાવ્યું હતું કે ગેરહાજરી રિપોર્ટ સહિતના અનેક દસ્તાવેજોમાં સ્થળ પર હાથથી વિગતો ભરવી પડતી હોય છે, જે ઝડપી અને સરળ પ્રક્રિયા છે. ઉપરાંત દરેક વકીલ પાસે પોતાની ઓફિસ, લેપટોપ, કોમ્પ્યુટર કે પ્રિન્ટરની સુવિધા ઉપલબ્ધ હોતી નથી, જેના કારણે નવા નિયમોનો સંપૂર્ણ અમલ કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

તેમજ જામીન મંજૂર થયા બાદ આરોપીને મુક્ત કરવા માટે જરૂરી એફિડેવિટ અને બોન્ડ જેવા દસ્તાવેજો તાત્કાલિક તૈયાર કરવાની જરૂર પડતી હોય છે, જે દરેક વખતે કોમ્પ્યુટરાઇઝ્ડ ફોર્મેટમાં તૈયાર કરવું મુશ્કેલ હોવાનું પણ વકીલોએ જણાવ્યું હતું.

આ તમામ વ્યવહારુ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વાપી બાર એસોસિએશને અગાઉથી ચાલતા દસ્તાવેજોના ફોર્મેટને યથાવત રાખવાની માંગ કરી છે. આ માંગ સાથે એસોસિએશને ગુજરાત હાઈકોર્ટના નવા સર્ક્યુલરનો સખત વિરોધ વ્યક્ત કર્યો છે અને તા. ૬ ઓગસ્ટ, ૨૦૨૬થી નિર્ધારિત સમયગાળા સુધી કોર્ટની કામગીરીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે.

## વલસાડમાં રેલ બાદ પાલિકાની સફાઈ કામગીરી સામે ભારે કચવાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ શહેરમાં બે વખત આવેલા રેલના પાણી તો ઓસરી ગયા અને રોગચાળાએ માથું ઊંચક્યું છે. એક તરફ ખાનગી અને સરકારી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાય રહ્યા છે, તો બીજી તરફ નગરપાલિકા એ મુખ્ય બજારો અને વીઆઈપી વિસ્તારોમાં સફાઈ કરી જયારે કાશ્મીરી નગર જેવા સ્લમ વિસ્તારોમાં હજુ પણ ગંદકી અને કાદવ-કીચડનું સામ્રાજ્યથી રહીશો પરેશાન થઈ રહ્યા છે.

વલસાડ નગરપાલિકા માજી - મુખ રાજુ મરચા એ જણાવ્યું કે વલસાડમાં તાજેતરમાં બે વાર પૂરની સ્થિતિ સર્જાઈ હતી. પૂરના પાણી ઓસર્યા બાદ હવે શહેરમાં કાદવ-કીચડ, ગંદકી અને મચ્છરોનો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. સ્થાનિક આગેવાનો અને નાગરિકો આક્ષેપ કરી રહ્યા છે કે નગરપાલિકા એ દાણા બજાર જેવા મુખ્ય વિસ્તારોમાં -ધાન્ય આપીને તાત્કાલિક સફાઈ કરાવી દીધી, પરંતુ કાશ્મીરી નગર, તળિયાવાડ,બરૂડિયાવાડ, વલસાડ પારડી જેવા સ્લમ વિસ્તારોને ભગવાન ભરોસે છોડી દીધા છે. આ વિસ્તારોમાં હજુ પણ કાદવ કિચડ સાથે ગંદુ પાણી ભરાયેલું છે.વલસાડ નગરપાલિકા સંચાલિત નગર પાલિકા હોસ્પિટલ ના ડૉ. રોહન પટેલે જણાવ્યું કે પૂરના પાણીમાં ચાલવાના કારણે લોકોના પગ ફાટી ગયા છે અને તાવ તેમજ ઝાડા-ઊલટીના કેસોમાં વધારો થયો છે. તંત્ર માત્ર ગોળીઓ આપીને સંતોષ માની રહ્યું છે, પરંતુ જરૂરી મેડિકલ કેમ્પ કે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી નથી. રોગચાળાની ગંભીરતાનો અંદાજ વલસાડની





હોસ્પિટલોમાં જોવા મળતી દર્દીઓની લાંબી કતારો પરથી લગાવી શકાય છે. ખાનગી અને સરકારી દવાખાનાઓના વોર્ડ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ઓપીડીમાં દર્દીઓનો ધસારો અચાનક વધી ગયો છે. રોજના ૧૦૦ થી ૧૫૦ જેટલા દર્દીઓ માત્ર એક જ ક્લિનિકમાં નોંધાઈ રહ્યા છે. જેમાં ખાસ કરીને ઝાડા-ઊલટી, ડેન્ગ્યુ અને વાયરલ તાવના કેસો વધુ છે. હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓનો આંકડો પણ વધી રહ્યો છે વલસાડમાં બે વાર પુર આવ્યા બાદ સાફ-સફાઈ ના અભાવે તબીબો દ્વારા લોકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. લોકોને પીવા માટે માત્ર ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પાણી જ વાપરવા, બહારનો અને ખુલ્લો ખોરાક સદંતર બંધ કરવા જણાવાયું છે.

મચ્છરજન્ય રોગોથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરવા અને આખા શરીરને ઢાંકે તેવા પૂરા કપડાં પહેરવાની સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને નાના બાળકોમાં ખાંસી, શરદી અને તાવના લક્ષણો દેખાય તો તેમને શાળાએ ન મોકલવા અપીલ કરાઈ છે, જેથી અન્ય બાળકોમાં ચેપ ફેલાતો અટકાવી શકાય.ત્યારે હવે જોવું એ રહ્યું કે પાલિકા તંત્ર સ્લમ વિસ્તારોમાં સફાઈ અને મેડિકલ કેમ્પ ક્યારે શરૂ કરશે. તેના પર લોકોની મીટ મંડાયેલી છે.

## વિશ્વ આદિવાસી દિવસ પૂર્વે ધરમપુર પોલીસની ડીજે સંચાલકો સાથે મિટિંગ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૬ :** આગામી ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીને અનુલક્ષીને આજરોજ ધરમપુર પોલીસ મથકે ડીજે સંચાલકો અને આદિવાસી સમાજના આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધરમપુર પોલીસ મથકના પીઆઈ નીખીલભાઈ ભોયાએ જણાવ્યું હતું કે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દરમિયાન ડીજે પર કોઈપણ પ્રકારના વલ્ગર કે અશ્લીલ ગીતો વગાડવામાં આવશે નહીં અને સાંસ્કૃતિક માહોલ જળવાઈ રહે તે માટે તમામ સંચાલકોએ સહકાર આપવો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે સંચાલકોએ પોલીસની પૂર્વ પરવાનગી મેળવી હશે તેમને જ ડીજે વગાડવાની મંજૂરી આપવામાં આવશે. પરવાનગી વિના ડીજે વગાડવાનો પ્રયાસ કરવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરી ડીજે કબજે લેવામાં આવશે. આ ઉપરાંત ડીજેની ઊંચાઈ પણ નિર્ધારિત મર્યાદામાં રાખવા સૂચના આપવામાં આવી હતી, પોલીસે તમામ સંચાલકોને કાયદાનું પાલન કરી શાંતિપૂર્ણ રીતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવા અપીલ કરી હતી.

## ફ્લેટ વેચવાનો છે

વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં 2 BHK ફ્લેટ વેચવાનો છે

Area : 1240 Sq.ft.

Mo. :98259 90770

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**